રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 245 | Dt. 16-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

ન્યાયતંત્રને કોઈ ધમકાવી ન શકે

૧૨ ઑક્ટોબરની માર્ચ મુદ્દે સુપ્રીમ કોર્ટની રાહુલ ગાંધીને પણ નોટિસ



નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે ૧૨ ઑક્ટોબરે થયેલી સુપ્રીમ કોર્ટ તરફની કથિત 'લોકશાહી માર્ચ' મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સપા પ્રમુખ અખિલેશ યાદવ સહિત અન્ય પ્રદર્શનકારીઓને નોટિસ ફટકારી છે. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે આ પ્રદર્શનને ન્યાયતંત્રને 'ડરાવવાનો પ્રયાસ' ગણાવ્યો હતો. કોર્ટે પૂછ્યું કે, ભીડ કોર્ટ પરિસરમાં કેવી રીતે પ્રવેશી. સાથે જ, મતદાર યાદીમાં ગરબડની અરજી પર ચૂંટણી પંચને પણ નોટિસ અપાઈ છે.

મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIRમાં કથિત ગરબડો અને મનસ્વી રીતે મતદારોના નામ રદ કરવાના આક્ષેપ સાથે વિપક્ષ ચૂંટણી પંચ અને સરકારનો સતત વિરોધ કરી રહ્યો છે. આ દરમિયાન ૧૨ ઑક્ટોબરે સુપ્રીમ કોર્ટ તરફ યોજાયેલી માર્ચ અને દેખાવોનો મુદ્દો ભારે ગરમાયો છે. આ મામલે સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી કરતા ચૂંટણી પંચ (ECI) અને મુખ્ય ચૂંટણી કમિશનરને નોટિસ ફટકારી છે, તો બીજી તરફ ન્યાયતંત્ર પર દબાણ લાવવાના વિવાદાસ્પદ દેખાવો અને માર્ચ મુદ્દે પણ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સપાના વડા અખિલેશ યાદવ તેમજ અન્ય પ્રદર્શનકારીઓને પણ નોટિસ ફટકારીને સ્પષ્ટતા માંગવામાં આવી છે.

આ સુનાવણી વખતે ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયા સૂર્યકાંતે કડક વલણ અપનાવતા કહ્યું હતું કે, 'અમે કાચના ટાવરમાં નથી બેઠા. આ ન્યાયતંત્રને 'ડરાવવા-ધમકાવવાનો' (browbeat) પ્રયાસ છે. કોર્ટ બહાર અપાઈ રહેલા નિવેદનોથી અમે વાકેફ છીએ.' આ મુદ્દે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે અને પૂછ્યું છે કે, આ વિરોધ પ્રદર્શનો વખતે ભીડ સુપ્રીમ કોર્ટના પરિસરમાં કેવી રીતે પ્રવેશી.

શું હતો ૧૨ ઑક્ટોબરની વિવાદાસ્પદ માર્ચ?


રાહુલ ગાંધીની આગેવાની હેઠળ ઇન્ડિયા (INDIA) ગઠબંધન દ્વારા 'ચલો દિલ્હી, લોકશાહી માર્ચ'નું આયોજન કરાયું હતું, જેમાં હજારો લોકો દિલ્હીમાં ભેગા થયા હતા. આ માર્ચ કાઢવાનો વિપક્ષનો હેતુ કેટલીક માંગ પૂરી કરવાનો હતો. જેમ કે, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે તેમજ SIR પ્રક્રિયા પર તાત્કાલિક રોક લાગે. આ માર્ચ કનોટ પ્લેસથી સુપ્રીમ કોર્ટ તરફ આગળ વધી ત્યારે પોલીસે બારાખંભા રોડ નજીક તેમને અટકાવ્યા હતા. આ દરમિયાન દેખાવકારોએ બેરિકેડ્સ તોડી નાખ્યા હતા અને ભગવાન દાસ રોડ પર કેટલાક સમર્થકો પોલીસના વાહનો અને બસ પર ચડી ગયા હતા. આ માર્ચ પહેલા વિપક્ષી નેતાઓ ચૂંટણી સંબંધિત ગરબડ અંગે આવેદનપત્ર સોંપવા ચીફ જસ્ટિસનો સમય માંગ્યો હતો. જો કે, સીજેઆઈએ કહ્યું હતું કે, 'આ બાબતો કોર્ટમાં પહેલેથી જ વિચારાધીન છે. કોર્ટના દરવાજા ખુલ્લા જ છે, જ્યાં તમે પિટિશન દાખલ કરી શકો છો.' ત્યારબાદ રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી વાડ્રા, અખિલેશ યાદવ, છઉઉ નેતા તેજસ્વી યાદવ અને ઇન્ડિયા ગઠબંધનના અન્ય નેતાઓ આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.એક તરફ ન્યાયતંત્ર પર દબાણ લાવવાના મુદ્દે નેતાઓને નોટિસ મળી છે, તો બીજી તરફ વિપક્ષની મૂળ અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને પણ નોટિસ ફટકારી છે, જેમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં વધુ પારદર્શકતા અને મનસ્વી રીતે નામો કમી કરવા સામે કડક સુરક્ષા ધોરણોની માંગ કરાઈ છે.

ઈલિનોયના હિન્દુ મંદિર પર હુમલાના કાવતરા બાદ ભારત લાલઘૂમ! અમેરિકામાં વસતા ભારતીયોની સુરક્ષા અંગે ઉઠ્યા ગંભીર સવાલો

USમાં વધતી જતી ભારત વિરોધી નફરત

નવી દિલ્હી, તા.૧૫

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ ગણાતા અમેરિકામાં તાજેતરના સમયમાં ભારત વિરોધી ગતિવિધિઓ અને નફરતનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. અમેરિકાના ઈલિનોઇસ રાજ્યના ઓરોરા વિસ્તારમાં આવેલા એક પવિત્ર હિન્દુ મંદિર પર મોટાપાયે ગોળીબાર કરવાના ષડયંત્રના અહેવાલો સામે આવતા જ ભારતે આ બાબતે ગંભીર નોંધ લીધી છે અને ભારે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે આ સમગ્ર ઘટનાને અત્યંત નિંદનીય, વંશીય ભેદભાવપૂર્ણ અને સ્પષ્ટપણે હિન્દુ વિરોધી ગણાવી છે. આ મામલે અમેરિકન સુરક્ષા એજન્સીઓ દ્વારા એક ૧૯ વર્ષીય યુવકની ધરપકડ પણ કરવામાં આવી છે. આ ઘટનાએ અમેરિકામાં વસતા લાખો ભારતીયો અને હિન્દુ સમુદાયની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા કર્યા છે, જેના પર ભારતે અમેરિકન સરકાર સમક્ષ પોતાની નારાજગી નોંધાવી છે.



અમેરિકાના ઈલિનોયમાં શાંતિપૂર્ણ રીતે ચાલતા એક હિન્દુ મંદિરમાં નિર્દોષ શ્રદ્ધાળુઓ પર મોટા પાયે ગોળીબાર કરવાના ભયાનક ષડયંત્રની માહિતી સામે આવ્યા બાદ ભારતે આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આવી વંશીય ભેદભાવપૂર્ણ અને ધાર્મિક કટ્ટરતા દર્શાવતી ઘટનાઓને કોઈપણ કાળે ચલાવી લેવાય નહીં. આ ઉપરાંત, છેલ્લા કેટલાક સમયથી અમેરિકાના વિવિધ ભાગોમાં ભારત વિરોધી નફરત અને ભારતીય સમુદાય પરના હુમલાઓ સતત વધી રહ્યા છે તે બાબતનો ઉલ્લેખ કરીને વિદેશ મંત્રાલયે હિન્દુ મંદિરને ટાર્ગેટ કરવાના આ ચોક્કસ મામલે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને અમેરિકન પ્રશાસન પાસે કડક અને દાખલારૂપ કાર્યવાહીની અપેક્ષા રાખી છે.

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે આ ગંભીર મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, 'અમેરિકાના ઈલિનોય સ્ટેટના ઓરોરા વિસ્તારમાં જે એક હિન્દુ મંદિર આવેલું છે, તેને ટાર્ગેટ કરીને મોટાપાયે ગોળીબાર (માસ શૂટિંગ) કરવાનું ષડયંત્ર રચ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ અહેવાલો અત્યંત ચોંકાવનારા છે અને આ મામલે અમે ખૂબ જ ચિંતિત છીએ. આ કથિત ષડયંત્ર માત્ર એક સામાન્ય ગુનો નથી, પરંતુ તેમાં હિન્દુ વિરોધી માનસિકતા, વંશીય ભેદભાવપૂર્ણ વલણ અને ભારતીય મૂળના શાંતિપ્રિય લોકો વિરુદ્ધ હિંસા આચરવાની ખતરનાક વિચારધારા પણ સામેલ છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે.

ભારત પર તોળાશે મોટું સંકટ!

અમેરિકાના એક નિર્ણયથી દુનિયાભરના અર્થતંત્ર પર ખતરો



નવી દિલ્હી તા. ૧૫

વૈશ્વિક વ્યાજદરમાં ૧% વધારો થાય તો વિકસિત દેશોના જીડીપીમાં ૦.૬% ઘટાડો અને કંપનીઓના મૂડીરોકાણમાં સરેરાશ ૧.૮% ઘટાડાનું જોખમ છે. ગોલ્ડમેન સેક્સના અભ્યાસ મુજબ, હોમલોન મોંઘા થતાં ગ્રાહક ખર્ચ ૦.૨% ઘટશે. યુરોપમાં રોકાણ ઘટતાં ભારતીય એન્જિનિયરિંગ નિકાસને અસર થઈ શકે છે. આનાથી ભારત પર પણ પરોક્ષ અસર પડશે.

વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં વધારો થાય તો તેની અસર કંપનીઓના મૂડીરોકાણ, ગ્રાહકોના ખર્ચ અને સરકારોના નાણાકીય વ્યવહાર પર પડી શકે છે. ગોલ્ડમેન સેક્સના ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ રિસર્ચના અભ્યાસ મુજબ, વ્યાજદરમાં ૧૦૦ બેસિસ પોઇન્ટ એટલે કે એક ટકાનો વધારો થાય તો આગામી વર્ષે વિકસિત દેશોના કુલ ઘરેલુ ઉત્પાદન(જીડીપી)માં ૦.૬ ટકાનો ઘટાડો થઈ શકે છે. અર્થશાસ્ત્રીઓ જોસેફ બ્રિગ્સ અને જોહાન એલનના સંશોધનમાં રહેઠાણ, ગ્રાહક ખર્ચ, કંપનીઓનું મૂડીરોકાણ અને સરકારી દેવા એમ ચાર ક્ષેત્રોમાં ઊંચા વ્યાજદરની અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જોકે, આ અંદાજ સંભવિત વધારાની અસર દર્શાવે છે, વ્યાજદર વધવાની આગાહી નથી. અભ્યાસ પ્રમાણે, વ્યાજદરમાં એક ટકાનો વધારો થાય તો વિકસિત દેશોમાં કંપનીઓનું મૂડીરોકાણ સરેરાશ ૧.૮ ટકા ઘટી શકે છે. નેધરલેન્ડ્સમાં ૩.૫ ટકા, સ્વીડનમાં ૩.૧ ટકા અને જર્મનીમાં ૨.૧ ટકાના ઘટાડાની શક્યતા છે. ઊંચા વ્યાજદરને કારણે કંપનીઓ કારખાનાંના વિસ્તરણ અને નવાં સાધનોની ખરીદી મુલતવી રાખી શકે છે. યુરોપમાં રોકાણ ઘટે તો ત્યાંની કંપનીઓને માલ પૂરો પાડતાં ભારતીય ઉદ્યોગોને નવા ઑર્ડર મળવામાં મુશ્કેલી પડી શકે છે. આ જોખમ ભારતીય એન્જિનિયરિંગ ક્ષેત્ર માટે મહત્ત્વનું છે. આપેલા આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની એન્જિનિયરિંગ નિકાસ વાર્ષિક ધોરણે ૧૮.૨૧ ટકા વધીને ૪૬.૩૮ અબજ ડોલર થઈ હતી.

હોમલોન અને સરકારી દેવાનો બોજ વધશે

વ્યાજદરમાં વધારો થતાં હોમલોન મોંઘી થઈ શકે છે અને પરિવારોનો અન્ય ખર્ચ ઘટી શકે છે. ગોલ્ડમેન સેક્સના અંદાજ મુજબ, વિકસિત દેશોમાં ગ્રાહક ખર્ચ સરેરાશ ૦.૨ ટકા ઘટી શકે છે. બોન્ડ યીલ્ડમાં એક ટકાના વધારાથી આગામી એકથી બે વર્ષમાં અમેરિકાના રહેઠાણ ક્ષેત્રના મૂડીરોકાણમાં આશરે ૮ ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. સરકારોને જૂની લોનની મુદ્દત પૂરી થયા બાદ ઊંચા વ્યાજદરે નવું ધિરાણ લેવું પડે તો વ્યાજખર્ચ વધી શકે છે.ભારતની નિકાસ પર અસરની શક્યતાવિકસિત દેશોમાં રોકાણ અને ગ્રાહક માંગ ઘટે તો ભારતીય એન્જિનિયરિંગ ઉત્પાદનો, મશીનરી અને વાહનોની નિકાસ પર દબાણ આવી શકે છે. જોકે, ભારત પર થનારી અસરનો અભ્યાસમાં સીધો અંદાજ આપવામાં આવ્યો નથી.

ગુજરાત STના કર્મચારીઓ માટે મોટી જાહેરાત

દિવાળી પહેલા સરકારે ૨% વધાર્યું DA

કુલ મોંઘવારી ભથ્થું હવે ૬૦ ટકાના દરે ચૂકવાશે, પગારમાં થશે નોંધપાત્ર વધારો

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) ના લાખો કર્મચારીઓના હિતમાં રાજ્ય સરકાર દ્વારા દિવાળીના તહેવારો પહેલા જ એક અત્યંત મહત્વપૂર્ણ અને ખુશીનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે એસ. ટી. નિગમના કર્મચારીઓ માટે એક મોટી જાહેરાત કરતા તેમના મોંઘવારી ભથ્થામાં (ડીએ) ૨ ટકાનો સાનુકૂળ વધારો મંજૂર કર્યો છે. સરકારના આ કર્મચારીલક્ષી નિર્ણયથી એસ.ટી. વિભાગમાં ફરજ બજાવતા લાખો કર્મચારીઓ અને તેમના પરિવારોમાં તહેવાર ટાણે આનંદની લહેર વ્યાપી ગઈ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલા આ ૨ ટકાના વધારા સાથે હવેથી એસ.ટી. વિભાગના તમામ કર્મચારીઓને ૬૦ ટકાના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. સરકારના આ હકારાત્મક નિર્ણયથી એસ.ટી. વિભાગના કર્મચારીઓના માસિક પગારમાં સારો એવો અને નોંધપાત્ર વધારો જોવા મળશે. આજના મોંઘવારીના વર્તમાન સમયમાં અને ખાસ કરીને જ્યારે દિવાળીના તહેવારો નજીક છે ત્યારે, આ પગાર વધારો કર્મચારીઓ માટે એક મોટો આર્થિક ટેકો સાબિત થશે.

આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે કર્મચારીઓને વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ નિયમ મુજબ ચુકવણી કરવામાં આવશે. આમ, માસિક પગારમાં વધારાની સાથે સાથે એરિયર્સની રકમ પણ મળવાથી એસ.ટી. કર્મચારીઓને બેવડો આર્થિક લાભ થશે. ગુજરાત એસ.ટી. નિગમના કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી મોંઘવારી ભથ્થામાં વધારાની અપેક્ષા રાખવામાં આવી રહી હતી, ત્યારે રાજ્ય સરકારે તેમની આ માંગણી સંતોષીને દિવાળીને ખરા અર્થમાં સુધારવાનું કામ કર્યું છે.

SIR વિવાદ વચ્ચે ચૂંટણી પંચનો મોટો નિર્ણય

ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં SSR હાથ ધરાશે



નવી દિલ્હી, તા.૧૫

ચૂંટણી પંચે ૧૭ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદી સુધારવા 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણની જાહેરાત કરી છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૭ને લાયકાતની તારીખ ગણી, ગુજરાત સહિતના રાજ્યોમાં નવા અને યુવા મતદારોને જોડવામાં આવશે. ૪ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ આખરી યાદી પ્રસિદ્ધ થશે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને સચોટ બનાવવાનો છે. SIR વિવાદ વચ્ચે ચૂંટણી પંચનો મોટો નિર્ણય, ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં મતદાર યાદીનું સ્પેશિયલ સમરી રિવિઝન હાથ ધરાશે ચૂંટણી કાર્ડની યાદી અને SIRને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે દેશના ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લીધો છે.

ચૂંટણી પંચે ૧૫ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ પત્ર જારી કરીને દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાતા યાદીમાં ખાસ સુધારો કરવા માટે 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ' (સ્પેશિયલ સમરી રિવિઝન) યોજવાની જાહેરાત કરી છે. આ પ્રક્રિયા માટે ૧ જાન્યુઆરી ૨૦૨૭ને લાયકાતની તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે.

પંચે તમામ સંબંધિત રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને પત્ર લખીને આ અંગે જાણ કરી દીધી છે. ૧૭ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની યાદીમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર, ગોવા, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, છત્તીસગઢ, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, અંદમાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને પુડુચેરી સામેલ છે. ૪૦૩ વિધાનસભા બેઠકો ધરાવતી ઉત્તર પ્રદેશ વિધાનસભાની મુદત આગામી વર્ષે ૨૨ મેના રોજ પૂરી થઈ રહી છે.

મણિપુર (૬૦ બેઠકો), ગોવા (૪૦ બેઠકો), પંજાબ (૧૧૭ બેઠકો) અને ઉત્તરાખંડ (૭૦ બેઠકો) વિધાનસભાની મુદત માર્ચ ૨૦૨૭માં પૂર્ણ થશે. 'જન પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦'ની કલમ ૨૧ મુજબ ચૂંટણી પંચ પાસે વિધાનસભાની મુદત પૂરી થવાના ૬ મહિના પહેલાં પણ ચૂંટણી યોજવાની સત્તા હોય છે. આથી ચૂંટણી ધરાવતા રાજ્યોમાં મતદાતા યાદી સમયસર સુધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય નવા અને યુવા મતદાતાઓને (જેઓ પહેલીવાર મતદાન કરવાના છે) યાદીમાં જોડવાનો છે.

આ ઉપરાંત, જૂની યાદીમાં રહેલી ભૂલોને સુધારીને વોટર લિસ્ટને એકદમ સચોટ અને અપડેટ બનાવવામાં આવશે. આ વખતે ચૂંટણી પંચે એક મોટી સુવિધા એ પણ આપી છે કે, ૧ જાન્યુઆરી ૨૦૨૭ ઉપરાંત તે પછીની ત્રણ લાયકાતની તારીખો - એટલે કે ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઑક્ટોબર ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂરા કરનારા યુવાનો પણ અગાઉથી અરજી કરી શકશે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલું સુધારણા કાર્યક્રમનું ટાઇમટેબલ જોઈએ તો મતદાન મથકોનું તર્કસંગતીકરણ/પુનઃગોઠવણ ૨ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં, ૧૨ નવેમ્બર ૨૦૨૬ સુધીમાં કાચી (ડ્રાફ્ટ) મતદાર યાદીની પ્રસિદ્ધિ, ૧૨ નવેમ્બરથી ૧૧ ડીસેમ્બર સુધીના સમયગાળામાં, દાવા અને વાંધા રજૂ કરવાનો સમયગાળો, ૨૮ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં દાવા અને વાંધાઓનો નિકાલ, ૪ થી જાન્યુઆરી ૨૦૨૭એ આખરી (ફાઇનલ) મતદાર યાદીની પ્રસિદ્ધિ કરાશે. બાકીના રાજ્યોમાં એસએસઆર પછીથી જાહેર કરાશે.

જે રાજ્યોમાં હાલમાં એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી છે અથવા તાજેતરમાં પૂર્ણ થઈ છે (જેમ કે મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક, હરિયાણા, ઝારખંડ વગેરે), ત્યાં સ્પેશિયલ સમરી રિવિઝનનું સમયપત્રક પછીથી જાહેર કરાશે. જ્યારે હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ જેવા વિસ્તારોમાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને યોગ્ય સમયે સમયપત્રક જાહેર કરવામાં આવશે.

SIR અને સ્પેશિયલ સમરી રિવિઝન વચ્ચે શું તફાવત છે?

ઘણા લોકોને એસઆઈઆર અને સ્પેશિયલ સમરી રિવિઝન વચ્ચેનો તફાવત ખબર નથી હોતી. સ્પેશિયલ સમરી રિવિઝનમાં મુખ્યત્વે નવા પાત્ર લોકોને ઉમેરવા અને સામાન્ય સુધારા કરવા પર ધ્યાન અપાય છે. દાખલા તરીકે, જો તમે ઘર બદલો છો, તો સરનામું બદલવા માટે તમારે પોતે ફોર્મ ભરવું પડે છે. જ્યારે એક બહુ વ્યાપક પ્રક્રિયા છે. આમાં બૂથ લેવલ ઓફિસર પોતે ઘરે-ઘરે જઈને તપાસ કરે છે, મતદાતા ત્યાં રહે છે કે નહીં તેની પુષ્ટિ કરે છે અને મોટા પાયે ડેટા ઓડિટ કરે છે.

ગુજરાતમાં પણ 'યોગી મોડેલ' જેવું આકરા એક્શન લેવામાં પોલીસનો પન્નો કેમ ટૂંકો પડે છે ? વેપારી આલમનો સણસણતો સવાલ

ગુનાખોરીમાં ફસાયેલા રાજકોટને કોણ બચાવશે? રામ જાને!

મહિનામાં ૮ ખૂન : નાની-મોટી લૂંટના બનાવ રોજબરોજના : જીવલેણ હુમલાની ઘટનાઓનું સતત પુનરાવર્તન : પ્રજાના આક્ષેપ મુજબ સાચે જ પોલીસ ગુનેગારોના ખિસ્સામાં !?
પરપ્રાંતિયોની ગુનાખોરીનો વિકરાળ પંજો વધુ ફેલાતો પોલીસ અટકાવે તેવો પ્રજાનો પોકાર કોણ સાંભળશે ? સ્થાનિક પોલીસ કમિશ્નર, ગૃહમંત્રી કે ડીજી ? ડરી ગયેલી પ્રજાના સવાલો

રાજકોટ, તા. ૧૫

ગુજરાતમાં ''સલામત રાજ્ય'' અને ''વિકાસ''ના મસમોટા બણગા ફૂંકતી સરકારની પોલ રાજકોટના રસ્તાઓ પર લોહીથી લથપથ થઈને ખુલ્લી પડી ગઈ છે. સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર અને રંગીલા શહેર તરીકે ઓળખાતું રાજકોટ હવે સત્તાવાર રીતે ગુજરાતનું 'ક્રાઈમ કેપિટલ' બની ચૂક્યું છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવી રાજકોટમાં પગ મૂકે તે પહેલા જ, ગુનેગારોએ પોલીસ તંત્રના ગાલ પર સણસણતો તમાચો મારીને આજી જીઆઈડીસીમાં ફિલ્મી ઢબે ૧.૫૩ કરોડના સોનાની લૂંટ ચલાવી અને દાગીનાના મેનેજરની ગોળી ઘરબીને હત્યા કરી નાખી.

જો કે રહી સહી આબરૂ બચાવવાના ભાગ રુપે અન્ય રાજ્યની પોલીસ દ્વારા લુંટ વિથ મર્ડરના આરોપીઓ છેક બીજા રાજ્યમાંથી પકડાઈ ગયા છે. સ્થાનિક પોલીસ માટે આ વાત લાડવો સીધો હાથમાં સાબિત થઈ રહી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, ગુનેગારોમાં ધાક જમાવવામાં સ્થાનિક પોલીસ વામણી સાબિત થઈ રહી હોવાના પ્રજા આક્ષેપો ખરેખર વિચારવા જેવા હોવાનું કહેવું અનુચિત નથી.

છેલ્લા એક મહિનામ રાજકોટમાં ૮ જેટલા મર્ડર થઈ ચૂક્યા છે. સોની બજાર અને આજી જીઆઈડીસીના ઉદ્યોગકારો હવે જીવ મુઠ્ઠીમાં લઈને વેપાર કરવા મજબૂર બન્યા છે. સોની બજારના વેપારીઓનું કહેવું છે. અપરાધીઓને ખબર છે કે સોનું લૂંટવું અને વેચવું આસાન છે, અને પોલીસનો કોઈ ખૌફ રહ્યો નથી કારણ કે ચાર-છ મહિનામાં જામીન પર છૂટી જવાની માનસિકતા ગુનેગારોમાં ઘર કરી ગઈ છે.

લુંટારુઓ ભલે ગણતરીના કલાકોમાં પકડાઈ ગયા હોય, પણ મોટો સવાલ એ છે કે ગુનેગારોમાં ધોળા દહાડે રસ્તા વચ્ચે ફાયરિંગ કરવાની હિંમત ક્યાંથી આવે છે? પોલીસ હાઈ-એલર્ટ પર હોવા છતાં જો આવી ખતરનાક ઘટના બને, તો સામાન્ય દિવસોમાં રાજકોટમાં નાગરિકોની સુરક્ષાની શું ગેરંટી? છરીબાજી, ખંડણી, જમીન પચાવી પાડવી અને વ્યાજખોરી હવે રાજકોટની રોજિંદી ઘટનાઓ બની ગઈ છે.



ઉદ્યોગકારોની આરપારની લડાઈ

આજી જીઆઈડીસીની માંગ લૂંટ અને મર્ડરથી ફફડી ઉઠેલા આજી જીઆઈડીસીના ઉદ્યોગકારોએ પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. એસોસિએશને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો અહીં કાયદો અને વ્યવસ્થા નહીં સુધરે તો ઉદ્યોગોને તાળાં મારવા પડશે. તેઓની સીધી માંગ છે કે, થોરાળા પોલીસ ચોકીને તાત્કાલિક ૨૪ કલાક રાઉન્ડ-ધ-ક્લોક ધમધમતી કરવામાં આવે. જીઆઈડીસી વિસ્તારમાં સતત ૨૪ કલાક પોલીસનું 'ગન-પેટ્રોલિંગ' શરૂ કરાય. અને ઉત્તર પ્રદેશની યોગી સરકારની જેમ ગુનેગારોમાં ખાખીનો એવો ખૌફ ઉભો કરાય કે અપરાધ કરવાનું વિચારતા જ ગુનેગારો થરથરે. જો વેપારીઓ સુરક્ષિત નહીં રહે તો વિકાસના તમામ દાવાઓ કાગળ પર જ રહી જશે. ગાંધીનગરમાં બેઠેલી સરકારે હવે માત્ર પ્રેસ-કોન્ફરન્સો કરવાને બદલે ગ્રાઉન્ડ-ઝીરો પર કડક એક્શન લેવાનો સમય આવી ગયો છે.

રાજુલાના ચૌત્રા ગામમાં ઇનામી સ્કીમની લાલચ આપી લોકો સાથે વિશ્વાસઘાત કરનાર અને રાજસ્થાનથી ઝડપાયેલા આરોપીને અમરેલી સેશન્સ કોર્ટે જામીન મુક્ત કર્યો

GPID-છેતરપિંડી કેસમાં ઝડપાયેલા આરોપીનો જામીન પર છુટકારો



રાજકોટ, તા.૧૫

આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને પોતાનો આર્થિક ફાયદો મેળવવા અમરેલીના રાજુલા તાલુકાના ચૌત્રા ગામમાં બોલેરો ગાડી લઈને આવ્યા હતા. તેઓએ ફરિયાદી અને સાહેદોને ૩ ટિકિટ ઉપર મફતમાં ૧ ફ્રીજ આપવાનો વાયદો કર્યો હતો અને ઇનામની ટિકિટમાં સારી વસ્તુ લાગવાનો ભરોસો આપ્યો હતો. જોકે, ટિકિટમાં જણાવ્યા મુજબની સારી વસ્તુઓ આપવાના બદલે નબળી અને ડુપ્લીકેટ કંપનીની ઓછી ગુણવત્તાવાળી વસ્તુઓ પધરાવીને લોકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

આ છેતરપિંડી બાબતે અમરેલી જિલ્લાના રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ ૩૧૮(૪) અને ૬૧(૧), GPID એક્ટની કલમ ૩ તથા પ્રાઇઝ ચિટ્સ એન્ડ મની સર્ક્યુલેશન સ્કીમ્સ (બેનિંગ) અધિનિયમ, ૧૯૭૮ ની કલમ ૩ અને ૪ હેઠળ ફરિયાદ દાખલ થઈ હતી. આ ગુનામાં પોલીસ દ્વારા આરોપી રૂપારામ ગોરખારામ ચૌધરી વિરુદ્ધ ઈગજજ ની કલમ ૭૨ હેઠળ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પોલીસ સ્ટાફ દ્વારા તેની રાજસ્થાનથી ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ બાદ આરોપી રૂપારામ ચૌધરીએ પોતાના એડવોકેટ મારફતે જામીન પર મુક્ત થવા માટે અમરેલી સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. અરજદારના એડવોકેટ તરફથી રજૂ થયેલા પુરાવાઓ, ધારદાર દલીલો તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈને સેશન્સ કોર્ટ, અમરેલી દ્વારા આરોપી રૂપારામ ગોરખારામ ચૌધરીને જામીન પર છોડવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં અરજદાર રૂપારામ ચૌધરી વતી એડવોકેટ મિતેશ એચ. ચાનપુરા, નીલેશભાઈ કે. તન્ના તેમજ અમરેલીથી ભાવેશભાઈ બી. રાઠોડ રોકાયા હતા.

કોલેજીયન યુવતીની છેડતી-ધમકી આપનાર આરોપીનો નિર્દોષ છુટકારો

આરોપી અને યુવતી વચ્ચે અગાઉ પ્રેમ સંબંધ હોવાની કબૂલાત અને પૂરતા પુરાવાઓના અભાવે અદાલતે આરોપીને આપ્યો શંકાનો લાભ

રાજકોટ, તા.૧૫

પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૩૫૪(એ), ૩૫૪(ડી) તથા ૫૦૬(૨) મુજબની ફરિયાદ નોંધાયેલ હતી અને તપાસના અંતે આરોપી જૈરાજ ઉર્ફે આયુષ સુરેશભાઈ સોલંકી (રહે. રાજકોટ) વિરુદ્ધ ચાર્જશીટ થયેલ હતું. આ કામ ચાલી જતા રાજકોટના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ)એ આરોપીને તમામ ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

ફરિયાદી યુવતી કોલેજમાં અભ્યાસ કરતા હોય અને તા. ૨૩-૦૧-૨૦૨૪ ના રોજ સવારના સાડા સાતેક વાગ્યાના અરસામાં કોલેજ જવા માટે ઘરેથી નીકળ્યા ત્યારે આરોપીએ પોતાનું મોટરસાયકલ લઈ ફરિયાદીના ઘરેથી થોડે આગળ ફરિયાદીને રોકી તેનો હાથ પકડી મોટરસાયકલ પર બેસવા કહ્યું હતું તેમજ ફરિયાદીએ જ્યાં સગાઈ કરી છે તે તોડી નાખવા અને આરોપી સાથે લગ્ન નહીં કરે તો ફરિયાદી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ આરોપી અવારનવાર ફરિયાદીનો પીછો કરી હેરાન પરેશાન કરતા અને શારીરિક અડપલા કરતા હોવાની હકીકત સાથે તા. ૨૮-૦૧-૨૦૨૪ ના રોજ પ્રધ્યુમનનગર



પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કર્યું હતું.

ફરિયાદી, તેના માતા-પિતા, પંચ સાહેદો અને તપાસ કરનાર અમલદાર સહિત કુલ ૮ સાહેદોની જુબાની લેવામાં આવેલ હતી. બચાવ પક્ષે આરોપી તરફે ઉલટતપાસ તેમજ જરૂરી દલીલો કરવામાં આવેલ હતી અને રજૂ થયું હતું. પુરાવાઓ ધ્યાને લેતા ફરિયાદપક્ષનો કેસ વાજબી શંકાથી પર સાબિત થતો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરવામાં આવી હતી.

કોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે, ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે તેઓ આરોપી સાથે આશરે ત્રણ વર્ષથી પ્રેમ સંબંધમાં હતા, ફરિયાદમાં બનાવની તારીખ, જગ્યા કે સમયનો કોઈ ચોક્કસ ઉલ્લેખ નથી તેમજ આ હકીકતો તેમના માતા-પિતાને જણાવી ન હતી. બનાવવાળો વિસ્તાર માનવ રહેણાંકવાળો અને સતત અવરજવરવાળો હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદ રેકોર્ડ પર આવ્યા નથી, ફરિયાદીના માતા-પિતા બનાવના નજરે જોનાર સાહેદ નથી, તપાસ દરમિયાન મોબાઈલના ફોટા કે વિડીયો કબજે કરવામાં આવ્યું નથી તેમજ ફરિયાદી કે તેના પરિવારે કોઈ પોલીસ પ્રોટેક્શનની માંગણી કરી નથી. ફરિયાદીની જુબાની અને માતા-પિતાની જુબાની વચ્ચે કોલેજ જવાના સાધન બાબતે વિરોધાભાસ આવ્યો છે, ફરિયાદ પાંચ દિવસ મોડી કરવામાં આવી છે જે બાબતે કોઈ સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદી બનાવ બાદ પણ રાબેતા મુજબ કોલેજ જતા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકીના સ્પષ્ટ શબ્દો જણાવવામાં આવ્યા નથી અને ફરિયાદી સતત ભયના ઓથાર હેઠળ રહેતા હોવાનું પણ રેકોર્ડ પર આવેલ નથી. પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કર્યું ન હોવાથી પંચનામુ પણ પુરવાર થતું નથી.

ઉપરોક્ત તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ રાજકોટના જે.એમ.એફ.સી. કોર્ટ દ્વારા ફરિયાદપક્ષનો કેસ વાજબી શંકાથી પર સાબિત થયું ન હોવાનું ઠરાવી આરોપીને ધી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરાયો છે. આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, પ્રહલાદસિંહ બી. ઝાલા, દયાબેન કે. છાયાણી, નિમેશ વિ. જાદવ તેમજ સહાયક તરીકે શ્રદ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

દુઃખદ અવસાન

રાજકોટ : દશા સોરઠિયા વણિક, રાજકોટ નિવાસી સૂર્યકાન્તભાઈ (નટુભાઈ) હરખચંદ સાંગાણી (ઉ.૮૦), તે વનિતાબેન સાંગાણી પતિ, પ્રિતેશભાઈ સાંગાણી, ભાવિનીબેન ગગલાણી, તૃમિબેન માયાણી પિતા, જીજ્ઞા સાંગાણી, સચિનભાઈ માયાણીના સસરા, હંસાબેન, ચંદ્રિકાબેન અને કુમુદબેનના ભાઈ, તા. ૧૫ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.પ્રાર્થના સભા (બેસણું) તા. ૧૬ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬, પંચશીલ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી, માલવિયા નગર નં. ૨ નો છેડો, દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખ્યું છે.

ગળપણ વગરના બચપણમાં ઉમેરી સ્નેહ-હિંમતની મીઠાશ

દર્દીનું હાસ્ય વધારતું જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ટાઈપ -૧ ના દર્દી માટે તબીબી સારવારની સાથે સાથે દર્દીના ચહેરા પરનું હાસ્ય વધારવાનું અભિયાન ૨૦૦૩થી શરૂ કર્યું છે. જે આટલા વર્ષ બાદ પણ નિરંતર ચાલી રહ્યું છે. આ સંસ્થાએ ગળપણ વગરના બચપણમાં હિંમત અને સ્નેહની મીઠાશ ઉમેરી છે.૧૪ નવેમ્બરના રોજ વિશ્વ ડાયાબિટીસ ડે છે. જે અંતર્ગત ૧ નવેમ્બરના રોજ જાગૃતિથી સશક્તિકરણ તરફ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં શહેરભરના આગેવાનો હાજર રહશે. લોકોમાં ડાયાબિટીસ ને લઈ ને જાગૃતિ આવે એ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.તેમ સંસ્થાના પ્રતિનિધિ અપુલ દોશીએ જણાવ્યું છે.

આ સંસ્થાની સ્થાપના વર્ષ ૨૦૦૩માં થઈ હતી. અપુલભાઈ દોશીના પૂત્ર ને ૩.૫ વર્ષ થયા ત્યારે તેમનો વજન ઓછો થઈ જતા, તેમજ વારંવાર યુરિન જવાની સહિતના લક્ષણો જણાતા તેઓએ રિપોર્ટ કર્યો અને ટાઈપ -૧ ડાયાબિટીસનું નિદાન થયું. આ સમય એવો હતો કે ત્યારે રાજકોટમાં પૂરતા નિષ્ણાંત તબીબ પણ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ હતા. તેમની સારવાર અમદાવાદ અને મુંબઈ ખાતે સારવાર કરાવી હતી. ટાઈપ-૧ ના દર્દી ઓને હેરાન ન થવું પડે એ માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. હાલ ૨૫૦૦ દર્દી આ સંસ્થા સાથે જોડાયા છે.સંસ્થાની કામગીરીને અભિનેતાઓ, હાસ્ય કલાકાર, રાજ્ય અને દેશભરના ઉદ્યોગકારો સહિતના વિવિધ ક્ષેત્રના આગેવાનોએ બિરદાવી છે.

ટાઈપ -૧ ના જાણો લક્ષણો

વજન એકદમ ઓછું થઈ જવું, અતિશય ભૂખ લાગવી, વારંવાર પાણીની તરસ લાગવી, વારંવાર યુરિન જવું પડે અથવા પથારીમાં જ થઈ જાય, યુરિન કર્યાના સ્થાને કીડી મકોડા થઈ જવાં અને બાળક અતિ નિસ્તેજ કે ફિક્કુ પડી જાય

ક્યા કારણોસર જુવેનાઈલ ડાયાબિટીસ થાય?

ટાઈપ-૧ ડાયાબિટીસ એ બાળકોમાં થતા ડાયાબિટીસનો પ્રકાર છે. જેને જુવેનાઈલ ડાયાબિટીસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે બાળકના સ્વાદપિંડુમાં ઇન્સ્યુલિન્સ પેદા કરતા કોષો સંપૂર્ણપણે બિનકાર્યક્ષમ બની જાય કે નાશ પામે ત્યારે ટાઈપ-૧ ડાયાબિટીસ કહેવાય છે. આ એક ઓટોઇમ્યુન રોગ છે. બાળપણથી થતો ડાયાબિટીસનો રોગ જીવનભર રહે છે. આવો રોગ સંપૂર્ણ નાબૂદ નથી થતો. યોગ્ય સારવાર દ્વારા તેને કાબુમાં લઈ શકાય છે.

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન સારવારની સાથે મનોરંજન કાર્યક્રમો

જુવેનાઈલ ફાઉન્ડેશનનો મુખ્ય હેતુ બાળકોને શ્રેષ્ઠ કક્ષાની સારવાર આપવાની સાથે સાથે તેને હૂંફ આપવાનો છે. ટાઈપ-૧ ના તમામ બાળકોની નિઃશુલ્ક નોંધણી કરી તેમના માટે અને પરિવારજનો માટે વિવિધ જાગૃતિ, સામાજિક અને મનોરંજન લક્ષી કાર્યક્રમ આપવા. જરૂરિયાત મંદ બાળકોને મેડિકલ કિટ રાહતદરે પુરી પાડવી. તેમજ દર્દી માટે નિષ્ણાંત તબીબની ટીમ પાસે ચેક અપ કરાવવું. બાળકો અને એના પરિવારજનોના આત્મવિશ્વાસમાં વધારો કરવો અને સતત તેઓને પ્રેરણા પુરી પાડવી.

વિશ્વ ડાયાબિટીસ ડે નિમિતે ૧ નવેમ્બરે રાજકોટમાં જાગૃતિથી સશક્તિકરણ તરફ કાર્યક્રમનું આયોજન







ઉણપને તાકાત બનાવો, ટાઈપ- ૧ના ૧૦૦ દર્દી ઓના કરાવ્યા લગ્ન

જુવેનાઈલ ફાઉન્ડેશનના અપુલ ભાઈ દોશી જણાવે છે કે, ઉણપ ને તાકાત બનાવવી જોઈએ. ટાઈપ -૧ દર્દીઓને અનેક રોજ ડાયાબિટીસ ચેક કરવા અને ઇન્સ્યુલન્સ લેવા માટે રોજ ૧૦ વખત સોયની પીડા સહન કરવી પડે છે. જેટલી શારિરીક પીડા છે એનાથી વધુ માનસિક પીડા સહન કરવી પડે છે. ટાઈપ -૧ ડાયાબિટીસ કંટ્રોલ કરવામાં આવે તો જીવન સરળ બની રહે છે. સંસ્થાએ ૧૦૦ દર્દીના લગ્ન કરાવ્યા છે. લગ્ન પહેલા ડોક્ટરની સલાહ મુજબ અચૂક તમામ મેડિકલ રિપોર્ટ કરવા જરૂરી છે.


સંસ્થાનું મુખ્ય લક્ષ્ય દર્દી માટે ઘર આંગણે જ સારવાર મળે એ માટે લેબ અને રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવી

જુવેનાઈલ ફાઉન્ડેશન બાળકોને હાલમાં વિવિધ પ્રકારની સારવાર આપવામાં આવે છે પણ મુખ્ય ઉદેશ એ છે કે, ઘર આંગણે સારવાર મળી રહે એ માટે એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર અને લેબની સ્થાપના કરવી. દરેક બાળ દર્દીને બેઝલ-બોલસ ઇન્સ્યુલીન થેરાપી તથા તેથી પણ આગળ ઇન્સ્યુલીન પમ્પ થેરાપીનો ઉપયોગ કરી શકાય એ માટે પ્રયત્નો કરવા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેકનોલોજીના ક્ષેત્રમાં એક ઐતિહાસિક અને પ્રગતિશીલ કદમ

સ્માર્ટ સિટી રાજકોટની નવી ઓળખ

મટીરિયલની ગુણવત્તાથી લઈ કામની ઝડપ સોફ્ટવેર ટ્રેક કરશે, ગેરરીતિ અટકાવવા 'સિક્રેટ લોકેશન' મોડેલ લાગુ



રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેકનોલોજીના ક્ષેત્રમાં એક ઐતિહાસિક અને પ્રગતિશીલ કદમ ઉઠાવવામાં આવ્યું છે. શહેરમાં ચાલી રહેલા તમામ નાના-મોટા વિકાસકામો અને માળખાકીય યોજનાઓ પર સીધી અને સચોટ નજર રાખવા માટે દેશમાં સૌપ્રથમ વખત સોફ્ટવેર મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરવાની તૈયારીઓ આખરી ઓપમાં છે. 'પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ' (ઝખઝ) નામના આ ખાસ પાયલટ પ્રોજેક્ટથી રાજકોટ મહાનગરપાલિકાને સમગ્ર દેશમાં ટેકનોલોજીકલ ક્ષેત્રે એક નવી અને આગવી ઓળખ મળશે. હાલ આ પ્રોજેક્ટ પ્રાયોગિક ધોરણે સફળતાપૂર્વક કાર્યરત કરી દેવાયો છે અને ટૂંક સમયમાં, દશેરા આસપાસ, તેનું સત્તાવાર લોન્ચિંગ કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા અને ડેપ્યુટી કમિશનર સમીર ધડુકના માર્ગદર્શન હેઠળ આ સિસ્ટમ કાર્યરત થઈ રહી છે.

આ આધુનિક સિસ્ટમ લાવવા પાછળનો મુખ્ય હેતુ શહેરમાં ચાલતા સ્માર્ટ સિટી મિશન, ફ્લાયઓવર બ્રિજ, અમૃત યોજના, ડ્રેનેજ નેટવર્ક, વોટર વર્ક્સ અને આવાસ યોજનાઓ જેવા મહત્ત્વના પ્રોજેક્ટ્સને ચોક્કસ આયોજન સાથે સમયસર, ગુણવત્તાયુક્ત અને પારદર્શક રીતે પૂર્ણ કરવાનો છે. અગાઉના સમયમાં રાજ્ય કે કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી ચાલતા મોટા પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયમર્યાદામાં પૂરા ન થવાના કારણે કોર્પોરેશનને મોટું આર્થિક નુકસાન ભોગવવું પડતું હતું. આ ઉપરાંત અલગ-અલગ વિભાગો જેમ કે ટાઉન પ્લાનિંગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને વોટર વર્ક્સ વચ્ચે યોગ્ય સંકલન ન હોવાથી પ્રોજેક્ટ્સ બિનજરૂરી લંબાઈ જતા હતા. હવે આ સોફ્ટવેર આધારિત સિસ્ટમના કારણે તમામ વિભાગો વચ્ચે ઉત્તમ સુમેળ સ્થપાશે, સરકારી નાણાંનો વ્યય અટકશે અને પ્રોજેક્ટ વિલંબિત થવાથી થતું આર્થિક નુકસાન સંપૂર્ણપણે બંધ થશે.

ચૂંટણી પૂર્વે જ સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર કરાવીને આ યુનિટની રચના કરવામાં આવી હતી. ઝખઝ હેઠળ હાલમાં ૮ જેટલા વિષય નિષ્ણાતોની ટીમ કાર્યરત છે, જેમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર, અર્બન મેનેજર અને ટેકનિકલ સપોર્ટ સ્ટાફનો સમાવેશ થાય છે. આ નિષ્ણાતો પ્રોજેક્ટના પ્લાનિંગથી લઈને તેના વાસ્તવિક અમલીકરણ સુધીની તમામ બાબતોના માઈલસ્ટોન ટ્રેક કરશે. સિસ્ટમની વિશેષતા એ છે કે દરેક પ્રોજેક્ટ સ્થળ પર દૈનિક કેટલું સિમેન્ટ, રેતી, સ્ટીલ કે લોખંડ વપરાયું અને કેટલા મજૂરોએ કામ કર્યું તેનો દૈનિક પ્રોગ્રેસ રિપોર્ટ (DPR) સોફ્ટવેરમાં અપલોડ થશે. કામની પ્રગતિ અને ગુણવત્તાના આધારે પ્રોજેક્ટનું ઓટોમેટિક રેંકિંગ થશે. જો કામ નિયમ મુજબ ચાલે તો ગ્રીન ટિક અને કોઈ ક્ષતિ કે વિલંબ હોય તો રેડ ટિક દર્શાવાશે, જેનાથી એક જ ક્લિક પર કમિશનર કે ઉચ્ચ અધિકારીઓ સ્થિતિ સમજી શકશે.

પારદર્શિતા અને જવાબદારી જાળવી રાખવા માટે અધિકારીઓની કામગીરી પર પણ ખાસ નજર રાખવામાં આવશે. ઉચ્ચ અધિકારીઓ જ્યારે પણ પ્રોજેક્ટની સરપ્રાઈઝ વિઝિટ કરશે, ત્યારે સંબંધિત ઝોનલ અધિકારી કે ડેપ્યુટી કમિશનરના મોબાઈલ પર મૂળ સ્થળનું નહીં પણ માત્ર ૨૦૦ મીટરના દાયરાનું સિક્રેટ લોકેશન મળશે. સાચું લોકેશન અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચશે ત્યારે જ અનલોક થશે, જેથી કામગીરીમાં કોઈ ગેરરીતિ કે આળસ ન રહે. આ સાથે વિજિલન્સ ટીમ પણ સતત ગ્રાઉન્ડ લેવલે ગુણવત્તા તપાસશે. એકંદરે, ઝખઝ સિસ્ટમથી રાજકોટના વિકાસકામોને નવી ઝડપ, ચોકસાઈ અને ગુણવત્તા મળશે.

હપ્તા ના ભરતા રૂડાની લાલ આંખ

આવાસ યોજનાના ચાર આવાસ રદ

બોર્ડ બેઠકના ઠરાવ આધારે આકરા પગલાં: અવધ, વૃંદાવન, ઓમ અને આદર્શ સોસાયટીના ૪ ફ્લેટ ધારકો સામે તંત્ર કડક બન્યું



રાજકોટ, તા. ૧૫

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે આવાસ બનાવીને તેની વિધિવત ફાળવણી કરવામાં આવેલી છે. પરંતુ કેટલાક લાભાર્થીઓ દ્વારા મકાન મેળવ્યા બાદ હપ્તા પેટેની બાકી નીકળતી રકમ જમા કરાવવામાં સતત બેદરકારી દાખવવામાં આવી રહી હતી. રૂડા કચેરી દ્વારા વારંવાર લેખિત અને મૌખિક નોટિસો આપીને જાણ કરવા છતાં પણ અમુક આવાસધારકોએ રકમ જમા ન કરાવતા આખરે રૂડા બોર્ડ બેઠકમાં આકરો નિર્ણય લેવામાં આવ્યો છે અને આવી ડિફોલ્ટર કમાણી ધરાવતા ૪ આવાસધારકોના મકાનો રદ કરવાનો હુકમ જાહેર કરવામાં આવ્યો છે.

રૂડા કચેરી દ્વારા આપવામાં આવેલી સત્તાવાર યાદી મુજબ, રૂડા બોર્ડ બેઠકના ઠરાવના આધારે આવાસ રદ કરવાની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. જેમાં મુખ્યત્વે ટી.પી. યોજના નં. ૧૭, એફ.પી. ૮૯ સ્થિત અવધ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટીના બ્લોક નં. ઈ-૭૦૫, ટી.પી. ૧૭, એફ.પી. ૯૫ સ્થિત વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટીના બ્લોક નં. ઈ-૮૦૩, ટી.પી. ૧૭, એફ.પી. ૩૩/એ સ્થિત ઓમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટીના બ્લોક નં. ઉ-૧૦૦૨ અને ટી.પી. ૧૦, એફ.પી. ૩૨/એ સ્થિત આદર્શ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટીના બ્લોક નં. ઈ-૮૦૪નો સમાવેશ થાય છે. આ ચારેય મકાનોના ધારકોએ નિયમ મુજબ રૂડામાં પોતાની બાકી નીકળતી લેણી રકમ ભરી ન હોવાથી તેમની આવાસ ફાળવણી રદ કરવામાં આવી છે. તંત્ર દ્વારા વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જે આવાસધારકોના મકાન રદ કરવામાં આવ્યા છે તે પૈકી જો કોઈ લાભાર્થીને આ અંગે વાંધો, વિરોધ કે પોતાની બાબતે કોઈ દાવો કે રજૂઆત કરવાની હોય તો તેમણે આગામી દિન-૭ (સાત દિવસ)ની અંદર રૂડા કચેરીના કામકાજના દિવસો દરમિયાન આવાસ શાખાનો રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે. નિયત સમયમર્યાદા બાદ કરવામાં આવેલી કોઈ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

ગુજરાત ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. નરેશ દેસાઈ

ડો. હેમાંગ દેસાઈને રાષ્ટ્રીય સ્તરે પ્રમોશન મળતાં સંગઠનમાં મોટો ફેરબદલ

રાજકોટ, તા. ૧૫

ગુજરાત ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં યુવા નેતૃત્વને લઈને એક અત્યંત મહત્વના અને મોટા રાજકીય સમાચાર સામે આવ્યા છે, જેમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા આજે વિધિવત રીતે સંગઠનાત્મક ફેરબદલની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના નવા અધ્યક્ષ તરીકે ડો. નરેશ દેસાઈની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે, જેઓ તાત્કાલિક ધોરણે પોતાનો પદભાર સંભાળી લેશે. આ ફેરબદલ સાથે જ પ્રદેશ યુવા મોરચામાં એક નવી ઊર્જા, ઉત્સાહ અને નવો સંગઠનાત્મક પ્રવાહ જોવા મળશે તેવું રાજકીય વિશ્લેષકોનું માનવું છે.

આ મોટા રાજકીય ઘટનાક્રમ અને સંગઠનાત્મક ફેરબદલ પાછળનું મુખ્ય કારણ રાષ્ટ્રીય સ્તરનું પ્રમોશન બન્યું છે. અગાઉ યુવા ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે સફળતાપૂર્વક જવાબદારી સંભાળી રહેલા અને વડોદરાના સાંસદ એવા ડો. હેમાંગ દેસાઈ (જોશી)ની કાસૂંબી કાર્યશૈલી, કાર્યકરોને જોડવાની રીત અને ઉત્કૃષ્ટ સંગઠનાત્મક ક્ષમતાને ધ્યાનમાં રાખીને પક્ષના રાષ્ટ્રીય હાઈકમાન્ડ દ્વારા તેઓને રાષ્ટ્રીય કક્ષાએ ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે



મોટું પ્રમોશન આપવામાં આવ્યું છે. ડો. હેમાંગ દેસાઈને રાષ્ટ્રીય સ્તરે આ નવી અને વિશાળ જવાબદારી સોંપાયા બાદ ગુજરાત યુવા ભાજપના પ્રદેશ અધ્યક્ષનું પદ ખાલી પડ્યું હતું. પક્ષે આ મહત્વની અને જવાબદાર જગ્યા પૂરવા માટે અગાઉથી જ સંગઠનમાં મજબૂત પકડ ધરાવતા, કાર્યકરો સાથે સીધો સંપર્ક ધરાવતા અને અનુભવી નેતા ડો. નરેશ દેસાઈ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.

નવનિયુક્ત યુવા પ્રમુખ ડો. નરેશ દેસાઈના પૃષ્ઠભૂમિની વાત કરીએ તો, તેઓ મૂળ ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના વતની છે અને ભાજપ સંગઠન તેમજ શૈક્ષણિક વર્તુળોમાં ખૂબ જ જાણીતું, આદરણીય અને સ્વીકાર્ય નામ ધરાવે છે. તેમણે પોતાની જાહેર જીવન અને કાર્યરત કારકિર્દીની શરૂઆત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના માધ્યમથી કરી હતી. વિદ્યાર્થી રાજકારણ અને વિદ્યાર્થી હિતોના પ્રશ્નોથી લઈને પક્ષની મુખ્યધારા સુધીની તેમની સફર ખૂબ જ સંઘર્ષમય, નિષ્ઠાવાન અને શિસ્તબદ્ધ રહી છે. આ ઉપરાંત તેઓ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય તરીકે પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે, જેના કારણે રાજ્યના યુવાનો, વિદ્યાર્થીઓ અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ સાથે તેમનો સીધો, સતત અને મોટો સંપર્ક રહ્યો છે, જેનો લાભ હવે યુવા મોરચાના સંગઠનને સીધી રીતે મળશે.

મહાનગરપાલિકા દ્વારા સરાહનીય આયોજન કરવામાં આવ્યું

દબાણ હટાવ અભિયાન વેગવંતુ

નાના ધંધાર્થીઓ, શ્રમજીવીઓ અને ફેરિયાઓ કોઈપણ મુશ્કેલી વિના સન્માનપૂર્વક ધંધા-વ્યવસાય ચલાવીને રોજગારી મેળવી શકે તે માટે ૩૮૦૦થી વધુ અધિકૃત ફેરિયાઓને ફાળવાયા ક્યુઆર કોડ આઈ-કાર્ડ



રાજકોટ, તા. ૧૫

શહેરમાં નાના ધંધાર્થીઓ, શ્રમજીવીઓ અને ફેરિયાઓ કોઈપણ મુશ્કેલી વિના સન્માનપૂર્વક પોતાનો ધંધા-વ્યવસાય ચલાવીને રોજગારી મેળવી શકે તે માટે મહાનગરપાલિકા દ્વારા સરાહનીય આયોજન કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા શહેરમાં કુલ ૮૫ જેટલા સુવ્યવસ્થિત હોકર્સ ઝોન તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં હાલ ૩,૮૦૦ જેટલા નાના વેપારીઓ વ્યવસાય કરી રહ્યા છે. આ તમામ અધિકૃત ફેરીયાઓની ચોક્કસ ઓળખ સુનિશ્ચિત કરવા અને ગેરકાયદે દબાણો પર કડક લગામ કસવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક નવીન પહેલરૂપે ક્યુઆર કોડવાળા વિશિષ્ટ ઓળખપત્રો આપવામાં આવ્યા છે, જેના કારણે હવે અનધિકૃત દબાણકારો સામે ત્વરિત કાર્યવાહી કરવાનું સરળ બનશે.

મહાનગરપાલિકાની આ યોજના પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર અધિકૃત વેપારીઓને રક્ષણ આપવાનો જ નથી, પરંતુ શહેરી વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા સર્જતા ગેરકાયદે ફેરીયાઓને ઓળખીને યોગ્ય વ્યવસ્થા કરવાનું પણ છે. હોકર્સ ઝોનમાં માત્ર મંજૂરી મેળવનાર નિયમિત હોકર્સ જ ધંધો કરી શકે તે માટે આ ડિજિટલ ઓળખપત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ વિશેષ આઈ-કાર્ડની રચના ખૂબ જ પારદર્શક રીતે કરવામાં આવી છે, જેમાં વેપારીનો સ્પષ્ટ ફોટોગ્રાફ, તેમનું પૂરું નામ તેમજ તેઓ જે હોકર્સ ઝોનમાં વ્યવસાય કરી રહ્યા છે તેનું નામ અંકિત કરવામાં આવ્યું છે. આ તમામ વિગતો ઉપરાંત તેમાં એક યુનિક ક્યુઆર કોડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

આ ડિજિટલ વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે જ્યારે કોર્પોરેશનની દબાણ હટાવ ટીમ દ્વારા ફિલ્ડમાં ચેકિંગ કરવામાં આવે ત્યારે આ ક્યુઆર કોડને કોઈપણ સ્માર્ટફોન કે ડિવાઈસથી સરળતાથી સ્કેન કરી શકાય છે. કોડ સ્કેન થતાંની સાથે જ સંબંધિત હોકર્સની તમામ અધિકૃત વિગતો અને નોંધણીનો ઈતિહાસ તંત્રની ટીમને પળભરમાં ઉપલબ્ધ થઈ જશે. આ ટેક્નોલોજીના ઉપયોગથી મંજૂરી વગર રસ્તા પર કે અન્ય પ્રતિબંધિત જગ્યાઓ પર બિનઅધિકૃત રીતે ઊભા રહી જતા ફેરીયાઓની ઓળખ પળવારમાં થઈ શકશે, જેનાથી ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી અગાઉ કરતાં વધુ ઝડપી, સચોટ અને પારદર્શક બનશે.

આ સમગ્ર પ્રક્રિયાને વધુ કડકાઈથી અમલમાં મૂકવા માટે મહાનગરપાલિકા દ્વારા તમામ નોંધાયેલા હોકર્સને સ્પષ્ટ સૂચનાઓ જારી કરવામાં આવી છે. તંત્રના જણાવ્યા અનુસાર, દરેક વેપારીએ પોતાને આપવામાં આવેલ ક્યુઆર કોડવાળું ઓળખપત્ર પોતાની રેકડી, લારી કે કેબિન ઉપર ગ્રાહકો તથા અધિકારીઓ જોઈ શકે તેવી સ્પષ્ટ જગ્યાએ પ્રદર્શિત કરવાનું રહેશે. જો કોઈ સ્થળ પર ચેકિંગ દરમિયાન હોકર્સ પાસે આ ક્યુઆર કોડવાળું આઈ-કાર્ડ ઉપલબ્ધ નહીં જણાય, તો તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની રજૂઆત સાંભળ્યા વગર નિયમોનુસાર તેમની રેકડી, કેબિન તેમજ વેપાર માટેનો અન્ય માલસામાન જમ કરવાની સખત કાર્યવાહી કરવામાં આવશે, તેમ દબાણ હટાવ અધિકારી દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

પૂનમનો અંધકાર

માતાએ જ માસુમ પુત્રીની હત્યા કરી : આપણે કઇ દિશામાં જઇએ છીએ?



નવરાત્રીના દિવસો ચાલી રહ્યા છે. બાળકીઓને સાક્ષાત દેવી સ્વરુપ ગણીને તેના પૂજનની દિવ્ય પરંપરા છે. દિવ્યતા સાથે રાક્ષસી વૃત્તિ પણ તાંડવ કરીરહી છે. સમાજ અને માનવતાને શરમસાર કરતી એક અત્યંત કરુણ અને કાળજું કંપાવી દે તેવી ઘટના રાજકોટમાં બનવા પામી છે. જે માતા પોતાના બાળકના રક્ષણ માટે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરવા તૈયાર હોય છે, તે જ માતા જ્યારે પોતાની માસૂમ બાળકની હત્યારી બની જાય ત્યારે સમાજની નૈતિકતા પર ગંભીર સવાલો ઊભા થાય છે.

રાજકોટમાં એક માતાએ પોતાના પ્રેમસંબંધ આડે આવતી માત્ર ૨ વર્ષની અબુધ દીકરીને પાંચમા માળેથી નીચે ફેંકીને નિર્દયતાથી મોતને ઘાટ ઉતારી દીધી. આ ઘટનાએ સમગ્ર સમાજને સ્તબ્ધ કરી દીધો છે. પૂનમ સામાન્ય રીતે પોતાના પ્રકાશથી અંધકારને દૂર કરવાનું કામ કરે છે, પરંતુ રાજકોટની પૂનમ નામની એ સ્ત્રીએ પોતાના જ ઘરનો દીવો બુઝાવીને અંધકાર પાથરી દીધો. પ્રેમસંબંધના મોહમાં અંધ બનેલી માતાને પોતાની કાળજાના ટુકડા સમાન દીકરી પ્રત્યે પણ સહેજ પણ દયા ન આવી.

આ ઘટનાથી એક મોટો પ્રશ્ન એ થાય છે કે આપણો સમાજ આજે કઈ દિશામાં જઈ રહ્યો છે? માનવ મૂલ્યો અને સંવેદનાઓ ક્યાં અદ્રશ્ય થઈ રહી છે? કહેવાતા પ્રેમસંબંધો ખરેખર વ્હેમ અને વાસનાના અંધ સંબંધો બની ગયા છે. ક્ષણિક આવેગ અને અનૈતિક સંબંધો માટે પોતાના પવિત્ર માતૃત્વનું બલિદાન આપતા અચકાતા નથી. માતૃત્વનો સંબંધ દુનિયાનો સૌથી પવિત્ર સંબંધ ગણાય છે, પરંતુ આવી ઘટનાઓથી આ સંબંધ પર કાળો દાગ લાગ્યો છે.

પોતાની માસૂમ દીકરીને મોતને ઘાટ ઉતારનાર માતાની આ કરતૂત સમાજના દરેક નાગરિકને વિચારવા મજબૂર કરે છે. આજના યુગમાં સંબંધોની પવિત્રતા, નૈતિકતા અને જવાબદારીની ભાવના લુપ્ત થઈ રહી છે. બાળકો કે જે માતાપિતા માટે સૌથી મોટો આશરો અને પ્રેમનું પ્રતીક હોય છે, તે જ આજે સંબંધોની કડવાશ અને અનૈતિકતાનો ભોગ બની રહ્યા છે.પૂનમનો આ અંધકાર સમાજ માટે એક ચેતવણીરૂપ લાલબત્તી છે. આપણે સૌએ મળીને નૈતિક મૂલ્યોનું જતન કરવાની અને આવા કળયુગી આવેગો સામે જાગૃત થવાની જરૂર છે, જેથી આવી કોઈ નિર્દોષ માસૂમ દીકરીએ પોતાનો જીવ ન ગુમાવવો પડે.



સ્ટારલિંક ટૂલ ઓફ પોર ઈરાનની ચેતવણી

જે ઈન્ટરનેટ યૂઝ કરતા પકડાશે તેને જેલ અને મૃત્યુદંડની સજા કરાશે

નવી દિલ્હી, તા.૧૫

ઈરાને એલન મસ્કની કંપની સ્પેસએક્સની સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક સામે કડક વલણ અપનાવ્યું છે. ઈરાનની સરકાર સ્ટારલિંકને માત્ર ઈન્ટરનેટ સેવા નહીં, પરંતુ 'યુદ્ધનાં હથિયાર' તરીકે જુએ છે. દેશમાં સ્ટારલિંકનો ઉપયોગ કરતા પકડાનારને બે વર્ષ સુધીની જેલ થઈ શકે છે, જ્યારે તેના ટર્મિનલની આયાત અથવા વિતરણ કરવા બદલ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જાસૂસી અથવા રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગંભીર આરોપોમાં મૃત્યુદંડ પણ થઈ શકે છે. આની પાછળ ઈન્ટરનેટ પર સરકારી નિયંત્રણ જાળવવા અને સુરક્ષાને લગતી ચિંતાઓ મુખ્ય કારણ હોવાનું મનાય છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સાઇબર સ્પેસ કાઉન્સિલના સચિવ મોહમ્મદ અમીન આગામિરીએ દાવો કર્યો છે કે દેશ પાસે સ્ટારલિંકનાં ટર્મિનલનું જોડાણ કાપવા માટેની અનેક વ્યવસ્થાઓ છે. તેમના જણાવ્યા અનુસાર, આ પૈકીની એક વ્યવસ્થાનો ઉપયોગ જાન્યુઆરીમાં થયેલાં વિરોધ પ્રદર્શનો દરમિયાન પણ કરવામાં આવ્યો હતો. આગામિરીએ એમ પણ કહ્યું કે ઈરાન આ ટેક્નોલોજી પોતાના સહયોગી દેશો સાથે વહેંચવા તૈયાર છે. જોકે, આ વ્યવસ્થાઓ કેવી રીતે કામ કરે છે અને કેટલી અસરકારક છે તે અંગેની વિસ્તૃત વિગતો જાહેર કરવામાં આવી નથી.

ઈરાનમાં સ્ટારલિંકનો ઉપયોગ કરવા બદલ બે વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તેના ટર્મિનલની આયાત અથવા વિતરણ કરવા બદલ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જ્યારે જાસૂસી અથવા રાષ્ટ્રીય સુરક્ષાને લગતા ગંભીર ગુનાઓમાં મૃત્યુદંડ સુધીની સજા થઈ શકે છે. સ્ટારલિંકની મદદથી ઈરાનના નાગરિકો સરકાર દ્વારા ઇન્ટરનેટ બંધ કરવામાં આવ્યું હોય ત્યારે પણ વીડિયો અને અન્ય માહિતી બહાર મોકલી શકે છે. આથી વિરોધ પ્રદર્શનો દરમિયાન માહિતી બહાર જતી અટકાવવા સરકાર માટે આ સેવા પડકારરૂપ બની છે. ઈરાન અગાઉ પણ સ્ટારલિંકની સેવાઓને અવરોધવા માટે સિગ્નલ જામર, જીપીએસ સિગ્નલમાં વિક્ષેપ અને ટર્મિનલ શોધવા માટે દરોડા પાડવા જેવી પદ્ધતિઓ અપનાવી ચૂક્યું છે.

સ્ટારલિંકની ભૂમિકા અંગેની ચર્ચા યુક્રેન યુદ્ધને કારણે પણ ફરી સામે આવી છે. યુક્રેનમાં આ સેવા સૈન્ય સંચાર અને ડ્રોન સંચાલન માટે મહત્ત્વપૂર્ણ રહી છે. સેવા અથવા તેના ઉપયોગ પર કોઈ મર્યાદા મૂકવામાં આવે તો યુદ્ધમોરચે સંચાર અને કામગીરી પર અસર પડી શકે છે. જોકે, યુક્રેનને સ્ટારલિંકની સેવા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હોવાના દાવાને સમર્થન આપતી પૂરતી વિગતો અહીં ઉપલબ્ધ નથી. તેથી સેવા પર પ્રતિબંધ, ચોક્કસ વિસ્તારોમાં મર્યાદા અને સૈન્ય ઉપયોગ અંગેના નિર્ણયોને અલગ રીતે સમજવા જરૂરી છે.

૧ નવેમ્બરથી મોબાઇલ પર ફોન કરનારનું નામ દર્શાવવું ફરજિયાત

ટેલિકોમ રેકોર્ડમાં નોંધાયેલ કોલરનો નંબર અને નામ પ્રદર્શિત થશે : સ્પામ કોલ્સને ઓળખવામાં થશે મદદ

નવીદિલ્હી, તા. ૧૫

૧ નવેમ્બર, ૨૦૨૬ થી મોબાઇલ ફોન પર અજાણ્યા નંબરો પરથી આવતા કોલ અંગે એક મોટો ફેરફાર થવાનો છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) એ ટેલિકોમ કંપનીઓને કોલિંગ નેમ પ્રેઝન્ટેશન (CNAP) સેવા લાગુ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સેવા હેઠળ, ઇનકમિંગ કોલ્સ દરમિયાન કોલ કરનારનું નામ નંબરની સાથે પ્રદર્શિત કરવામાં આવશે. વિભાગના ૧૩ ઓક્ટોબરના પરિપત્ર મુજબ, આ સુવિધા તમામ સેવા ક્ષેત્રોમાં લાગુ કરવાની છે. CNAP સેવા હેઠળ, કોલરના મોબાઇલ ફોન પર બે માહિતી પ્રદર્શિત કરવામાં આવશે: કોલરનો મોબાઇલ નંબર અને તેમની ઓળખ. જો કોલરનો નંબર ફોનની સંપર્ક સૂચિમાં પહેલાથી જ સાચવેલ હોય, તો તે સૂચિમાં સૂચિબદ્ધ નામ પ્રદર્શિત થશે. જો નંબર સાચવેલ ન હોય, તો



ટેલિકોમ ઓપરેટરના સબ્સ્ક્રાઇબર રેકોર્ડમાં સૂચિબદ્ધ નામ સ્થાનિક કોલ્સ માટે પ્રદર્શિત થશે. આંતરરાષ્ટ્રીય કોલ્સ માટે, અજાણ્યા નંબરને ''આંતરરાષ્ટ્રીય કોલ'' તરીકે લેબલ કરવામાં આવશે.

ટેલિકોમ્યુનિકેશન વિભાગના નિર્દેશ મુજબ, ટેલિકોમ કંપનીઓએ કોઈપણ અલગ વિનંતી વિના ગ્રાહકોને આ સુવિધા પ્રદાન કરવી આવશ્યક છે, એટલે કે ગ્રાહકોને સેવાને સબ્સ્ક્રાઇબ કરવાની અથવા સક્રિય કરવાની જરૂર રહેશે નહીં. જોકે, પ્રારંભિક નિર્દેશ 4G અને નવા વાયરલેસ નેટવર્ક પર સેવાના અમલીકરણને સંબોધિત કરે છે. 2G, 3G અને લેન્ડલાઇન નેટવર્ક માટે અમલીકરણ અલગથી ધ્યાનમાં લેવામાં આવશે. CNAPનો ઉદ્દેશ્ય અજાણ્યા કોલર્સની ઓળખ જાહેર કરવાનો અને કોલ પ્રાપ્ત કરતા પહેલા લોકોને જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરવાનો છે. આ સ્પામ અને કપટી કોલ ઓળખવામાં મદદ કરી શકે છે. જો કે, ફક્ત નામ દર્શાવવાથી દરેક કપટી કોલની ઓળખ સુનિશ્ચિત થશે નહીં.

જે ગ્રાહકોએ નિર્ધારિત નિયમો હેઠળ કોલિંગ લાઇન આઇડેન્ટિફિકેશન રિસ્ટ્રિક્શન પસંદ કર્યું છે તેમના કોલિંગ નામ ઓળખ પ્રદર્શિત કરવામાં આવશે નહીં. જો કે, વ્યવસાય અથવા બલ્ક કનેક્શન ધરાવતી કંપનીઓ અને સંસ્થાઓને ચકાસણી પછી GST પોર્ટલ પર નોંધાયેલ તેમના રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક અથવા ટ્રેડ નામ પ્રદર્શિત કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આ સિસ્ટમના અમલીકરણની જવાબદારી ટેલિકોમ કંપનીઓની રહેશે. તેઓએ ખોટા નામ પ્રદર્શન સંબંધિત ફરિયાદો નોંધાવવા અને સમયસર તેનું નિરાકરણ લાવવાની પણ વ્યવસ્થા કરવી પડશે.૧ નવેમ્બરથી, કોલિંગ નેમ પ્રેઝન્ટેશન (CNAP) સેવા ફરજિયાત બનશે. આ સેવા ટેલિકોમ રેકોર્ડમાં નોંધાયેલ કોલરનું નામ અને કોલરનો નંબર દર્શાવશે. આ સ્પામ કોલ ઓળખવામાં મદદ કરી શકે છે.

'ટીમ ૯' ભારતમાં વસ્તી વિષયક પરિવર્તન શોધવા સજ્જ

ધર્મ દ્વારા વસ્તીમાં ધણો ફેરફાર

નવીદિલ્હી, તા. ૧૫

જો દેશમાં ક્યાંય પણ ધર્મના આધારે વસ્તીમાં ફેરફાર થાય છે અથવા ઘુસણખોરોની સંખ્યામાં વધારો થાય છે, તો સામાન્ય લોકો હવે ઈન્ટરનેટ દ્વારા કેન્દ્ર સરકારને ફરિયાદ કરી શકે છે. આ માટે, વસ્તી વિષયક ઉચ્ચ-સ્તરીય સમિતિએ સત્તાવાર રીતે એક વેબ પોર્ટલ શરૂ કર્યું છે. નિવૃત્ત ન્યાયાધીશ પ્રકાશ પ્રભાકર નાઓલેકર આ સમિતિના અધ્યક્ષ છે. આ વેબ પોર્ટલનો હેતુ વસ્તી ફેરફારો સંબંધિત ડેટાના વૈજ્ઞાનિક સંગ્રહને સરળ બનાવવા અને જાહેર ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. આ પોર્ટલ સંપૂર્ણપણે કાર્યરત છે અને લોકો માટે ખુલ્લું છે. તે કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો, NGO અને જનતાને અસામાન્ય વસ્તી ફેરફારો, તેમના ''આ ફેરફારો પાછળના કારણો અને પરિબળો'' પર પ્રતિસાદ આપવા અને ડેટા શેર કરવાની તક પૂરી પાડશે. છ સભ્યોની ટીમ આ વસ્તી વિષયક ફેરફારોની તપાસ કરશે. ચાલો



જાણીએ કે આ ટીમમાં કોણ છે.

મધ્યપ્રદેશના જબલપુરમાં કાયદાકીય દિગ્ગજોના એક પ્રતિષ્ઠિત પરિવારમાં જન્મેલા ન્યાયાધીશ પ્રકાશ પ્રભાકર નાઓલેકરે ૧૯૬૫માં જબલપુર યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવી હતી. તેમણે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો જસ્ટિસ એપી સેન અને જેએસ વર્માના માર્ગદર્શન હેઠળ તેમની કાનૂની કારકિર્દીની શરૂઆત કરી હતી. નાઓલેકરે સિવિલ, ફોજદારી, બંધારણીય, કંપની, શ્રમ અને સેવા બાબતોમાં વ્યાપકપણે પ્રેક્ટિસ કરી હતી. ૧૯૯૨માં, તેઓ મધ્યપ્રદેશ હાઇકોર્ટના ન્યાયાધીશ બન્યા. બાદમાં તેમણે રાજસ્થાન હાઇકોર્ટમાં સેવા આપી અને ગુવાહાટી હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ સેવા આપી. ૨૦૦૪માં, તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ૨૦૦૮માં તેઓ નિવૃત્ત થયા. ૨૦૦૯માં, તેમને મધ્યપ્રદેશના લોકાયુક્ત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, જે પદ તેમણે ૨૦૧૬ સુધી સંભાળ્યું.

દુર્ગા શંકર મિશ્રા ૧૯૮૪ બેચના ઉત્તર પ્રદેશ કેડરના IAS અધિકારી છે. ચાર દાયકાથી વધુ લાંબી કારકિર્દી પછી, તેઓ જૂન ૨૦૨૪ માં ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયા. તેમણે આંતરિક સુરક્ષા, ખાણકામ, શહેરી વિકાસ, આરોગ્ય, પર્યટન, રમતગમત, નાગરિક ઉડ્ડયન અને કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોમાં ઉચ્ચ હોદ્દાઓ સંભાળ્યા છે. તેમણે નવી સંસદ ભવન અને સેન્ટ્રલ વિસ્ટા જેવા પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું. તેઓ IIT કાનપુરમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક છે. તેમની પાસે યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન સિડનીમાંથી MBA અને હેગમાં ISSમાંથી જાહેર નીતિમાં અનુસ્નાતક ડિપ્લોમા પણ છે.



સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

નારીની માતૃત્વની મંગળ ઝંખના પૂરી કરવા માટે સૂર્ય પત્ની રાંદલ માની પૂજાનું વિશેષ મહત્વ છે



નાની એવી મારી દિકરી, અને એ જ્યારે એની નાની દિકરી નું ધ્યાન રાખતી હોય, અને એની માટે શું સારું! શું ખરાબ! એ બધું એટલું ડીપલી વિચારતી હોય, એ જોઈને એકબાજુથી ખૂબ સારું લાગે, અને કેટલાંય શોખ જતાં કરવા પડે એ જોઈને એમ થાય કે મા થવું ખૂબ અઘરું છે! પણ હમણાં તો નાનીમા નાં દિવસો એકદમ આનંદમાં અને વ્યસ્ત જાય છે. સુખનાં દિવસો ઝડપથી જવાં લાગે, એ હિસાબે નવરાત્રીનાં દિવસો ટપોટપ જવાં લાગ્યાં છે. સવાર સાંજ માતાની સ્તુતિ સ્તવનમાં જાય છે, ને માતા પણ પોતાનાં બાળકનાં સુખ દુઃખનાં વિચારો કરી સમયે બધું જ આપતી હોય છે. બસ ભરોસો રાખવો પડે છે, ભરોસા વગરની ભક્તિ નકામી છે. આજે આસો નવરાત્રીનો છઠ્ઠો દિવસ છે, એટલે કે મા નવદુર્ગા નાં કાત્યાયની સ્વરૂપની આરાધનાનો દિવસ. કત ઋષિ એ મા આદ્યશક્તિની ખૂબ આરાધના કરી અને પોતાની દીકરી તરીકે અવતરે તેવું વરદાન માંગ્યું,અને કત ઋષિના પુત્રી તરીકે જન્મ્યા, એટલે કાત્યાયની નાં નામે ઓળખાય છે. શાંત સ્વભાવના માતા કાત્યાયની દરેકની મનોકામના પૂર્ણ કરે છે, સંતાન પ્રાપ્તિ માટે તેની સાધના કરવામાં આવે છે.આજે આપણે પણ એક એવા જ માતાજી એટલે કે રાંદલની વાત આવો દર્શન કરીએમાં કરીશું.

સૌરાષ્ટ્રની ધરા પર સ્થિત ગોંડલ નજીક દડવામા રાંદલ માતાજીનું દેવસ્થાન ખુબ જ પ્રખ્યાત છે. ગોંડલથી મોવિયા અને ત્યાંથી વાસાવાડ માર્ગે ૩૫ કી.મી નાં અંતરે દડવા ગામ મા બે જોડ સ્વરૂપે બિરાજેલા છે. રાંદલ માતાજી અધ્યાત્મની ભાષામાં જણાવીએ તો અહી બિરાજેલા રાંદલ માતાજી માથી દિવ્ય અલૌકીક ઉર્જા ફેલાય છે.

રાંદલ મા એટલે ભગવાન વિશ્વકર્માના પુત્રી. વિશ્વકર્મા ભગવાનને ત્યાં પુત્રી રૂપે, અવતરેલાં રાંદલ માતાજી, જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમની પ્રીતિ સૂર્યનારાયણ તરફ વળવા લાગી. રાંદલમાએ સીધા જ પિતા પાસે જઈ અને સૂર્યનારાયણ દેવ સાથે તેમના વિવાહની ઈચ્છા પ્રગટ કરી. પરંતુ પિતા વિશ્વકર્મા એ તેમના પ્રસ્તાવને નકાર્યો. પણ એક વખત રાંદલ માના ઘરે સૂર્ય નારાયણ ભગવાન ત્યાં માટીનું બનેલું પાત્ર માંગવા ગયા, ત્યારે સૂર્ય દેવે પાત્ર લેતા શરત કરી કે જો રસ્તામાં આ પાત્ર તૂટી જશે તો તેમણે પોતાની પુત્રી રાંદલના વિવાહ તેમની સાથે કરવા પડશે. ત્યારબાદ સૂર્ય નારાયણે પોતે યુક્તિપૂર્વક રસ્તામાં માટીનું પાત્ર ખંડિત કર્યું,અને રાંદલ માતા સૂર્ય નારાયણના પત્ની બન્યા. શ્રી રાંદલ માતાની બીજી મહત્વની ઓળખ એ છે કે તેઓ મૃત્યુના દેવતા યમરાજા અને યમુનાજીના માતાજી છે. અશ્વિની કુમારો પણ તેમનાં સંતાનો છે.

સૂર્યનારાયણનો પ્રખર તાપ સહન ન્હોતો થતો , એટલે રાંદલ માતા પતિદેવ સૂર્યનારાયણની પાસે પોતાની છાયાને મૂકીને પિતાના ગૃહે ગયા, પરંતુ પિતાને ત્યાં પણ જાકારો મળતા, તેણે જંગલમાં અશ્વ સ્વરૂપે તપ શરૂ કર્યું. ચૌદ હજાર વર્ષ સુધી તપ કર્યું. આખરે સૂર્યદેવને તેની સચ્ચાઈ વિશે જાણ થઈ, આથી એની પાસે ગયા અને તેને તેડીને આવ્યા, અહીં જે છાંયા સ્વરૂપ છે ,જેણે પોતાના પતિની સેવા કરનાર, એ સ્વરૂપને રાંદલ માતાએ વચન આપ્યું, કે જ્યારે પણ કોઈ શુભ કે સારું કાર્ય કરવા માટે મારી સ્થાપના કરશે, ત્યારે તેને મારા છાંયા સ્વરૂપને પણ સાથે રાખવું પડશે. આ રીતે આપણે રાંદલના લોટા તેડીએ છીએ, એટલે કે બંને સ્વરૂપની આરાધના કરવી પડે છે.

રાંદલ માતાની ઉત્પત્તિની વાત પણ અત્યંત રોચક છે, પૃથ્વી પર વધેલા અધર્મને જોઈને, ચિંતિત સૂર્યનારાયણ ભગવાને રાંદલ માતાને મૃત્યુલોકમાં જઈ ને અધર્મી થયેલાં મનુષ્યને સતમાર્ગે વાળવાનું કામ સોંપ્યું. રાંદલ માતા નાની બાળા સ્વરૂપે ગુજરાતના કચ્છનાં રણમાં ઉતરી આવ્યા. એ સમયે ગુજરાતમાં કારમો દુકાળ પડ્યો હતો, પણ આ બાળકી ના આવવાથી સારામાં સારો વરસાદ શરુ થયો.

લોકોએ બાળકીના આગમનને વધાવ્યું, તેના પગલા શુકનવંતા મનાયા અને પોતાની સાથે બાળકીને રાખીને તેને ઉછેરવા લાગ્યા, બાળકી રણમાંથી મળી આવી હતી તેથી તેનું નામ રાંદલ રાખ્યું, રાંદલના આગમને ગામની કાયાપલટ કરવા લાગી. અપંગ, દીન-દુખિયા અને રોગી લોકો રાંદલના આશીર્વાદ મેળવી સાજા થવા લાગ્યા, રાંદલમાતા યુવાનીમાં પ્રવેશતાં જ તેમની સુંદરતા અને તેમના કાર્યની ખ્યાતિ ચોમેર પ્રસરવા લાગી.

રાંદલમાં પર કોઈ એક ગામના રાજાના સિપાહીઓની દૃષ્ટી પડતાં તેમની સુંદરતાના વખાણ તેમણે રાજા સમક્ષ કર્યા, અને રાજાના મનમાં રાંદલ માને પામવાની ભાવના ઉત્પન્ન થઈ, તેણે રાંદલમાના ગામ પર ચડાઈ કરી. પરંતુ રાંદલમાના પ્રખર તેજે ઉભા કરેલા ધૂળના વંટોળમાં રાજાનું સૈન્ય નાશ પામ્યું, એ ગામ હતું દડવા ગામ, દડવા ગામે પ્રજાની વિનંતીને માન આપીને રાંદલમા સ્થાયી થયાં, વલભીપુરમાં પણ રાંદલ માતાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી રાંદલ માતાનું ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

જે રીતે સૂર્ય નારાયણ સૃષ્ટિના પિતા ગણાય છે તે જ રીતે તેમના પત્ની રાંદલમા જગતની માતા ગણાય છે. અને એટલે જ નારીની માતૃત્વની મંગળ ઝંખના પરિપૂર્ણ કરવા માટે સૂર્ય પત્ની રાંદલમાંની પૂજા ,અર્ચનાનું વિશેષ મહત્વ છે. તેમની કૃપા દ્રષ્ટિ મેળવવા લગ્ન અને જનોઈ જેવા પ્રસંગોએ ઘરમાં પહેલા રાંદલ માને માનભેર તેડાવવામાં આવે છે.

રાંદલમાના સ્થાપનમાં તાંબાના બે લોટા ઉપર નાળિયેરના ગોટા મૂકી તેને નાડાછડી વિટવામાં આવે છે. તેની પર આંખો લગાડી સોનાના ઘરેણાં પહેરાવી,ચૂંદડી ઓઢાડી રાંદલની પ્રતિકૃતિ સર્જવામાં આવે છે. રાંદલની પૂજા સમયે યથાશક્તિ ગોરણી જમાડવાનો પણ રિવાજ છે.

તો આ છે આપણા સૌની લોકલાડીલા માતાના ઈતિહાસની વાત, તેની પૂજા અર્ચના કરવાથી મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય. માતા રાંદલ જગત જનની છે, અને દરેકના સુખ દુઃખનો હાલ રાખનારી માતા આંધળાને આંખો આપે છે, ખોળાનો ખૂંદનાર આપે છે, કોઢ અને રક્તપિત્ત જેવા રોગનો પણ શમન કરે છે, અને દરેક ગુજરાતીના ઘરમાં લગભગ શુભ પ્રસંગે રાંદલના સ્થાપન વગર તે કાર્ય પૂર્ણ ગણવામાં આવતું નથી. દરેક મંગલ પ્રસંગે રાંદલ તેડવામાં આવે છે. અત્યાર સુધી આપણે છ દિવસ દરેક સ્વરૂપની પૂજા કે આરાધનાની વાત કરી, એમાં એવું સાંભળવા મળ્યું નથી કે માતાએ શ્રાપ આપ્યો કારણ કે એમાં જ ગુસ્સે થાય તો પણ તે તેની કઠિન કૃપા જ હોય છે, જે આપણાં હિત માટે જ હોય છે. તે હંમેશા ભક્તની ભીડ ભાગવાં તૈયાર હોય છે. તો આપણે એના એ નિર્મળ ભાવને હૃદયસ્થ કરીએ, અને જેટલું બને એટલું નિર્મળ જીવન દરેક જીવીએ. જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આજી જીઆઇડીસીમાં લૂંટ વિથ મર્ડરનો ભેદ બાર કલાકમાં ઉકેલવામાં રાજકોટ પોલીસ સફળ

હત્યા-દોઢ કરોડની લૂંટઃ પુર્વ કર્મીનું કાવત્રુ-આઠ ઝડપાયા

ક્રાઇમ બ્રાંચ, એલસીબી, થોરાળા પોલીસની ટીમોએ પગેરૂ દબાવ્યુંઃ રાજસ્થાન પોલીસ સાથે તાલમેલ કરી ઉદયપુરથી તમામ મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા





આરોપી



મૃતક



આરોપી



રાજકોટ, તા.૧૫

શહેરના આજી જીઆઇડીસી મેઇન રોડ પર બાવીશી વે બ્રીજ સામે તન્વી એક્ષપોર્ટ ઇન્ડિયા લીમીટેડ નામની સોના ચાંદીની મેન્યુફેક્ચરીંગ પેઢીના કર્મચારીની ભડાકે દઇ ક્રુર હત્યા કરી દોઢ કરોડના સોના ચાંદીની લૂંટની ઘટનાથી શહેરભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ ગુનાનો ભેદ રાજકોટ શહેર પોલીસે રાજસ્થાન પોલીસની મદદથી બાર કલાકમાં જ ઉકેલી નાંખી યુપીના ચાર મુખ્ય આરોપીઓ અને કાવત્રામાં સામેલ પુર્વ કર્મચારી સહિત આઠથી નવને સકંજામાં લઇ તમામ મુદ્દામાલ પણ કબ્જે કરી લીધો છે.

વિગતો જોઇએ તો તન્વ એક્ષપોર્ટ પેઢી નજીક જ કર્મચારી રીફાઇનરીમાંથી સોના-ચાંદીનો થેલો લઇ બહાર નીકળ્યા ત્યારે બે બુકાનીધારી શખ્સોએ આવી ફાયરીંગ કરી ૧ કરોડ કરોડ ૫૩ લાખના સોના-ચાંદીની લૂંટ ચલાવી લેતાં અને કારમાં બીજા બે લૂંટારા સાથે ભાગી જતાં શહેરભરમાં ખળભળાટ મચી ગયો હતો. જો કે બાર કલાકમાં જ પોલીસે હત્યારા-લૂંટારા એવા યુપીના ચાર શખ્સો અને પેઢીના પુર્વ કર્મચારી સહિતનો દબોચી લઇ ભેદ ઉકેલી નાંખ્યો છે. કારમાં ભાગેલા યુપીના ચારને રાજસ્થાન ઉદયપુર પાસેથી પકડી લેવાયા છે. તેમજ તમામ મુદ્દામાલ પણ કબ્જે કરી લેવાયો હતો. હત્યાનો ભોગ બનેલા કર્મચારી પેઢીથી ચાલીસેક મીટર દૂર આવેલી રીફાઇનરીમાંથી થેલો લઇને બહાર આવી એક્ટીવામાં બેસતાં હતાં ત્યાં જ લૂંટારૂ આવી ગયા હતાં. થેલો ખેંચતા કર્મચારી અને સાથેના સિક્યુરીટી ગાર્ડએ પ્રતિકાર કર્યો ત્યારે લૂંટારાઓએ ફાયરીંગ કરી દીધા હતાં અને લૂંટ કરી ભાગી ગયા હતાં. મરૂન રંગની કારમાં ભાગેલા ચારેય લૂંટારાઓને શોધી કાઢવા પોલીસની અલગ અલગ ટીમો અમદાવાદ, રાજસ્થાન, એમપી તરફ રવાના થઇ હતી.

એ દરમિયાન ઉદયપુર પાસે ચાર આરોપી હાથમાં આવી ગયા હતાં. લૂંટ વીથ મર્ડરની આ ઘટનાની જાણવા મળેલી વિગતો મુજબ ૧૫૦ ફુટ રીંગ રોડ રીલાયન્સ મોલ પાસે એ. પી. પાર્કમાં રહેતાં લાલજીભાઇ (લાલાભાઇ) લવજીભાઇ સરધારા (ઉ.વ.૫૪) ગત સાંજે આજી જીઆઇડીસીમાં પોતે જ્યાં નોકરી કરતાં હતાં તે તન્વી એક્ષપોર્ટ નામની સોના ચાંદીની પેઢીથી નજીકમાં જ આવેલી રીફાઇનરીમાંથી સોના-ચાંદીનો થેલો લઇ બહાર નીકળી એક્ટીવામાં રાખી પેઢી તરફ જવા રવાના થાય એ પહેલા જ એક્ટીવા પાસે આવેલા બુકાનીધારીએ થેલો ખેંચી લેતાં અને ભાગતાં લાલજીભાઇ તથા સિક્યુરીટી બાવનજી પઢીયારએ દોટ મુકી પ્રતિકાર કરતાં બે પૈકીના એક લૂંટારાએ ધડાધડ ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરતાં લાલજીભાઇ ઢળી પડ્યા હતાં અને બંને લૂંટારા મરૂન કારમાં બેસી ગયા હતાં.

જેમાં અગાઉથી બીજા બે લૂંટારા પણ હતાં. આ પછી કાર ભાગી જતાં સિક્યુરીટી ગાર્ડએ પેઢીમાં જાણ કરતાં લાલજીભાઇને પેઢીના ભાગીદારોએ સારવાર માટે મધુરમ્ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થઇ ગયુ હતું. હત્યા-લૂંટની ઘટના જાહેર થતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયા, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. જે. ચૌધરી, થોરાળા પીઆઇ એસ. પી. સોઢા અને ટીમ, ક્રાઇમ બ્રાંચના પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, એલસીબી ઝોન-૧ના પીએસઆઇ મોવલીયા એન ટીમો દોડી ગયા હતાં અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે પેઢીના સંચાલક પાસેથી વિગતો મેળવી એફઆઇઆર નોંધી હતી.

આ બનાવમાં થોરાળા પોલીસે તન્વી એક્ષપોર્ટ ઇન્ડિયા લીમીટેડ નામની સોના ચાંદીની મેન્યુફેક્ચરીંગ પેઢીના સંચાલક બીપીનભાઇ વીરડીયાએ જણાવ્યું છે કે હું કુટુંબ પરીવાર સાથે રહુ છુ અને આજી જીઆઇડીસી મેઇન રોડ બાવીશી વે-બ્રિજ સામે તન્વી એક્ષપોર્ટ ઇન્ડીયા લીમીટેડ નામની સોના ચાંદીની મેન્યુફેક્ચરીંગ પેઢી ચલાવુ છું. મારી સાથે બીજા અગીયાર ભાગીદરો છે. અમે બધા એકસાથે છેલ્લા ત્રણેક વર્ષથી ભાગીદારીમાં આ પેઢી ચલાવીએ છીએ અને સોના-ચાંદીના તૈયાર ઘરેણા સમગ્ર ભારતમાં અલગ અલગ જગ્યાએ વેંચાણ કરીએ છી એ. અમારી તન્વી એક્ષપોર્ટ પેઢીથી આશરે ચાલીસ મિટરના અંતરમા અમારી રીફાઇનરી પણ છે. આ રીફાનરીમાં સોના-ચાંદીનુ રીફાઇન થયા બાદ અમારા કોઈ અંગત માણસ સાથે અમારી કંપનીમાં કામ કરતા સિક્યુરીટી ગાર્ડ સાથે મોકલી અમારા જ્વેલરી બનાવતા યુગ બિલ્ડીંગ ખાતે આપ-લે કરીએ છીએ. બુધવારે સાંજે સવા આઠેક વાગ્યાની આસપાસ હું તથા કિશોરભાઈ હાપલીયા કોટેચા ચોક પાસે હતાં ત્યારે ભાગીદાર મયુરભાઇ લીંબાસીયાનો ફોન આવેલ અને કહેલું કે કંપનીમા કામ કરતા લાલજી ભાઈ સરધારા ઉપર રીફાઈનરી પાસે ફાયરીંગ થયું અને આશરે દોઢેક કરોડના સોના ચાદીના માલની લૂંટ થઇ છે.

તેમણે એમ પણ કહેલું કે અત્યારે લાલજીભાઈ સરધારાની મધુરમ્ હોસ્પીટલમાં સારવાર ચાલુ છે. મયુરભાઇની આ વાત સાંભળતા જ હું અને કિશોરભાઈ હાપલીયા મધુરમ હોસ્પીટલ ખાતે પહોંચ્યા હતાં. જ્યાં અમારા બીજા ભાગીદારો પણ હતાં. લાલજીભાઇ સરધારાની ઇમરજન્સી રૂમમાં સારવાર ચાલુ હતી. આ વખતે અમારા ભાગીદાર રાજભાઈ અશોકભાઇ ભાલારાએ મને વાત કરેલ કે સાંજના સવા સાતેક વાગ્યાના અરસામા રિફાઇનરી ખાતે કામ કરતા વર્કર બાબુભાઇ બચુભાઈ કાકડીયાનો તુષારભાઈ વલ્લભભાઈ સાવલિયાને ફોન આવેલ અને વાત કરેલ કે પંદરેક મિનીટ બાદ કોઇ માણસને રીફાઇનરી ખાતે મોકલો રિફાઇન સોનાના અલગ અલગ વજનના ઢાળીયા હતાં.

જેનુ વજન આશરે ૯૪૬ ગ્રામ કિ.રૂ. આશરે ૧,૪૮,૯૦,૦૦૦ તથા રિફાઇન ચાંદીનો ડસ્ટ પાવડરની પ્લાસ્ટીકની કોથળી વજન આશરે બે કિલો જેની કિ.રૂ. આશરે ૪,૩૦,૦૦૦ મળી કુલ રિફાઇન સોના-ચાંદીની કુલ કિ.રૂ.૧,૫૩,૨૦,૦૦૦નો સોના ચાંદીનો માલ તૈયાર થયેલ છે. જેથી આશરે સાડા સાતેક વાગ્યાના અરસામા તુષારભાઇ સાવલીયાએ ભાગીદાર હરેશભાઇ સરધારાના ભાઇજીના દિકરા લાલજીભાઇ લવજીભાઇ સરધારાને કંપની ખાતેથી સિક્યુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયાર સાથે એક્ટિવા નંબર જીજે ૦૩એલએફ-૦૧૬૯ લઇને રીફાઇનરી ખાતે મોકલ્યા હતાં. બાદ સાંજના આઠેક વા ગ્યાના અરસામાં રાજભાઈ ભાલારા અને મયુરભાઈ લીંબાસીયા ઓફીસમાં બેઠા હતાં તે વખતે મયુરભાઇ લિંબાસીયાને હિતેષભાઇ સરધારાનો ફોન આવેલ કે લાલાભાઇ (લાલજીભાઈ સરધારા) ઉપર રીફાઈનરી ખાતે ફાયરીંગ થયેલ છે. આથી તુરત જ રાજભાઈ ભાલારા અને મયુરભાઈ લીંબાસીયા રીફાઇનરી ખાતે ગયેલ અને ત્યાં લાલજીભાઇ સરધારા રોડની સાઇડ પર ઢળી પડેલી હાલતમાં હતાં. મયુરભાઈ લિંબાસિયા અને હિતેષભાઇ સરધારા તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે મધુરમ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતાં અને ત્યારે રાજભાઈ ભાલારા તથા કંપનીની કેન્ટિનના મેનેજર અનીલભાઇ કથીરીયા તથા સીકયુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયાર તથા અન્ય માણસો હાજર હતાં.

આ વખતે સિસકયુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયારએ રાજભાઇ ભાલારાને વાત કરેલ કે-લાલજીભાઈ સોના-ચાંદીનુ બેગ લઇને રિફાઇનરીના ગેઇટ બહાર નિકળેલ ત્યારે બે અજાણ્યા માણસો લાલજીભાઈ સાથે ઝપાઝપી કરતા હાઇ પોતે (સિક્યુરીટી ગાર્ડ બાવનજી પઢીયાર) દોડીને લાલજીભાઇને બચાવવા જતા તેમાથી એક અજાણ્યા માણસ જેને સફેદ કલરનો શર્ટ પહેરેલ હતો તેણે પોતાની પાસેથી હથીયાર કાઢી લાલજીભાઈ ઉપર ફાયરીંગ કરતાં લાલજીભાઈ નીચે પડી ગયા હતાં. આ પછી લાલજીભાઈ પાસે રહેલ થેલો લુટીને બે અજાણ્યા માણસો મરૂન કલરની ટાટા કંપની ટીગોર કારમા બેસી ગયેલ અને ત્યારે પોતે (સિક્યુરીટી ગાર્ડએ) કારમા જોતા કારમાં બીજા બે અજાણ્યા માણસો પણ બેઠેલા જોવા મળ્યા હતાં. આ બધા કાર હંકારી ભાગી ગયા હતાં. આ આખી વાત મને રાજભાઈ અશોકભાઈ ભાલારાએ મને મધુરમ્ હોસ્પીટલ ખાતે કરી હતી. આ વચ્ચે સારવાર દરમિયાન લાલજીભાઇ સરધારાને ડોક્ટરે મૃત જાહેર કર્યા હતાં. બીપીનભાઇ વીરડીયાએ વધુમાં જણાવ્યું છે કે અમારા કર્મચારી લાલજીભાઇ લવજીભાઇ સરધાર અમારી રિફાઇનરીમાંથી સોનાના અલગ અલગ વજનના ઢાળીયાકુલ કિમત રૂ.૧,૫૩,૨૦,૦૦૦નો સોના ચાંદીનો માલ થેલામાં રાખી બહાર નીકળ્યા હતા.

ત્યારે બે અજાણ્યા માણસોએ આવી લાલજીભાઈ પાસે રહેલો સોના ચાંદી ભરેલો થેલો છીનવતા લાલજીભાઈ તથા સિક્યુરીટી ગાર્ડ બાવનજી બાબુજી પઢીયારે મળી પ્રતિકાર કરતાં સફેદ શર્ટ પહેરેલા શખ્સે હથીયાર કાઢી લાલજીભાઇ ઉપર ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી ઇજા પહોંચાડી હતી અને થેલો લૂંટી મરૂન ગાડીમાં બેસી ભાગી ગયા હતાં. કારમાં કુલ ચાર શખ્સો હતાં. બીપીનભાઇની આ હકિકતને આધારે ડીસીપી હેતલ પટલ, એસીપી બી. જે. ચૌધરીની રાહબરીમાં થોરાળા પીઆઇ એસ.પી. સોઢા, રાઇટર દિવ્યરાજસિંહ સહિતની ટીમે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન ચાર હત્યારા, લૂંટારાઓને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા, પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, થોરાળા પીઆઇ એસ. પી. સોઢા અને તેમની ટીમો તેમજ એલસીબી ઝોન-૧ તેમજ અન્ય ટીમોએ રાતભર દોડધામ કરી કારનું પગેરૂ દબાવ્યું હતું.

અંતે સવારે એટલે કે ઘટનાના બાર કલાક બાદ ચાર લૂંટારાઓને કાર અને તમામ મુદ્દામાલ સાથે ઉદયપુર નજીકથી ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. તમામ મુદ્દામાલ પણ હસ્તગત થઇ ગયાનું ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાએ જણાવ્યું હતું. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીકના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાંચના પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, થોરાળા પીઆઇ એસ. પી. સોઢા અને તેમની ટીમો તેમજ એલસીબી ઝોન-૧ તેમજ અન્ય ટીમોએ રાતભર દોડધામ કરી કારનું પગેરૂ દબાવ્યું હતું.

અંતે સવારે એટલે કે ઘટનાના બાર કલાક બાદ ચાર લૂંટારાઓને કાર અને તમામ મુદ્દામાલ સાથે ઉદયપુર નજીકથી ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. તમામ મુદ્દામાલ પણ હસ્તગત થઇ ગયાનું ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાએ જણાવ્યું હતું. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીકના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાંચના પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, થોરાળા પીઆઇ એસ. પી. સોઢા અને તેમની ટીમો તેમજ એલસીબી ઝોન-૧ તેમજ અન્ય ટીમોએ રાતભર દોડધામ કરી કારનું પગેરૂ દબાવ્યું હતું.

બનેવીને પતાવી દેનારા સાળાને અંતે પકડી લેવાયો

ભક્તિનગર સર્કલ પાસેની ઘટનામાં ક્રાઇમ બ્રાંચને સફળતા મળી



રાજકોટ તા. ૧૫

એક તરફ શહેરમાં સતત હત્યાઓ થઇ રહી છે. તો બીજી તરફ ક્રાઇમ બ્રાંચે અગાઉ થયેલી એક હત્યામાં મુખ્ય આરોપીને પકડી લીધો હતો. શહેરના ભકિતનગર સર્કલ પાસે ટ્રાવેલ્સની ઓફિસ સામે વિમલ વાણીયા નામના ૨૭ વર્ષીય યુવાનને પ્રેમ લગનો ખાર રાખી છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાની ઘરનામાં ક્રાઇમબ્રાંચે ફરાર મૃતકના સાળા મુખ્ય આરોપીને કુવાડવા ગામ પાસેથી દબોચી લઇ કાર્યવાહી કરી હતી.શહેરના ભકિતનગર સર્કલ પાસે આવેલી ઓમ ટ્રાવેલ્સ ઓફિસ સામે સહકાર મેઇન રોડ પર જમનાનગર શેરી નં. ૪માં રહેતા વિમલ ધર્મેન્દ્રભાઇ વાણીયા નામના ૨૭ વર્ષીય યુવાનને તેના જ સાળા કમલેશ લાખાભાઇ ધાંધલ અને તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

હત્યાના ભોગ બનનાર વિમલે આરોપી કમલેશની બહેન શીતલ સાથે પ્રેમ લગ કર્યા હોવાથી ખાર રાખી હત્યા કરાઇ હોવાનું ખુલતા આ મામલે મૃતક વિમલના માતા ભારતીબેન વાણીયાએ ફરીયાદ નોંધાવતા ભકિતનગર પોલીસે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બીજી તરફ આરોપીને પકડવા માટે ક્રાઇમ બ્રાંચે પણ તપાસમાં ટુકાવ્યું હતું. દરમિયાન શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાંચે અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફુટેજ વગેરેની મદદથી આરોપીઓને પકડવા કવાયત શરૂ કરી હતી.બીજી તરફ મળેલી બાતમીના આધારે ક્રાઇમબ્રાંચે રાજકોટ અમદાવાદ હાઇવે પર કુવાડવા ગામ પાસેથી હત્યાના મુખ્ય આરોપી કમલેશ લાખાભાઇ ધાંધલ (શિવધારા સોસાયટી શેરી નં.૨ ખોખળદળ પુલની પાસે, કોઠારીયા રીંગ રોડ)ને ઝડપી પાડી પૂછતાછ શરૂ કરી હતી.

આ કામગીરી ક્રામઇ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એ.એસ.ચાવડા તથા એમ.એલ. ડામરો તથા સી.એચ. જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર વી.ડી. ડોડીયા તથા એ.એન. પરમાર તથા એસ.એમ. રાણા તથા ડી.પી. ઝાલા તથા વી.ડી. રાવલીયા તથા ટીમના તમામ માણસો તથા ટેકનીકલ સ્ટાફે કરી હતી. અગાઉ આ ગુનામાં બીજા આરોપીઓ પકડાઇ ગયા હતાં.

કાળ ક્યારે કયા ભેટી જાય તેની ખબર નથી હોતી કાળા માથાના માનવીને

ચાર ભાઈની બહેનનો જીવ ગયો

લૌકિકથી પરત આવતાં બનાવઃ ડમ્પર બાઇકને ઉલાળી ભાગ્યુંઃ ડેરોઇના મહિલાનું મોતઃ ભાઇ, પુત્રીને ઇજાઃ અન્ય બનાવમાં ઈનો સમજી જંતુનાશક દવા પી જતાં વૃદ્ધાનું મોત, પડી જતાં પ્રૌઢનું, બેભાન હાલતમાં વૃદ્ધાનું અને હાર્ટએટેકથી વૃદ્ધનું મોત

રાજકોટ તા. ૧૫

શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં લમણે લખાયેલી કાળજી વગરની ક્ષણો અને અકસ્માતોએ પાંચ પરિવારના માળખાં વિખેરી નાખ્યા છે. રાજકોટ-અમદાવાદ હાઇવે પર વાંકાનેર ચોકડી નજીક બનેલા એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનના બનાવમાં પુત્રી અને ભાઈની નજર સામે જ મહિલાનું કચડાઈ જવાથી કરૂણ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત, ઈનો સમજીને ભુલથી જંતુનાશક દવા ગટગટાવી જવાના બે અલગ-અલગ બનાવો સહિત અન્ય ત્રણ આકસ્મિક મૃત્યુના કિસ્સા પોલીસ ચોપડે નોંધાયા છે.

રાજકોટની ભાગોળે હાઇવે પર વધુ એક પ્રાણઘાતક અકસ્માતની ઘટના સામે આવી છે. જીયાણા ગામે રહેતા અને કડિયાકામ કરતા નિતીનભાઈ ઉર્ફે વશરામભાઇ વાલાભાઈ પરમાર (ઉ.વ. ૪૦)ના ઘરેથી તેમની બહેન અને ભાણેજ પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.

તારીખ તેરમીના રોજ જીયાણા ગામમાં પરિચિતનું અવસાન થતાં ડેરોઈ ગામે સાસરે રહેતા નિતીનભાઈના બહેન પ્રભાબેન મુકેશભાઈ ચાવડા (ઉ.વ. ૩૫) પોતાની ૧૫ વર્ષની પુત્રી મિતલબેન સાથે મરણ પ્રસંગમાં આવ્યા હતા અને રાત્રે ભાઈના ઘરે રોકાયા હતા. અકસ્માત કેવી રીતે થયો તે જોઈએ તો નિતીનભાઈ પોતાના બાઈક પર બહેન પ્રભાબેન અને ભાણેજ મિતલબેનને બેસાડી પરત ડેરોઈ ગામે મૂકવા જઈ રહ્યા હતા. આ દરમિયાન રાજકોટ-અમદાવાદ હાઇવે પર વાંકાનેર ચોકડી નજીક પુલ પર પાછળથી પુરપાટ વેગે ઘસી આવેલા એક અજાણ્યા ડમ્પરના ચાલકે બાઈકને જોરદાર અડફેટે લીધું હતું. અકસ્માત સર્જી ડમ્પર ચાલક વાહન સાથે ભાગી છૂટ્યો હતો.

ટક્કર વાગતા ત્રણેય નીચે પટકાયા હતા. નિતીનભાઈને હાથ, પગ અને કપાળના ભાગે જ્યારે મિતલબેનને પગમાં છોલછાલ થઈ હતી. જોકે, પ્રભાબેનના બંને પગ પર ડમ્પરનું પૂંછું ફરી વળતાં બંને પગ કચડાઈ ગયા હતા અને માથા તથા હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્રણેયને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન પ્રભાબેનનું મોત નીપજ્યું હતું. મિતલબેનને દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે જ્યારે નિતીનભાઈને પ્રાથમિક સારવાર અપાઈ હતી. મૃતક પ્રભાબેનને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે તથા તેમના પતિ ખેતીકામ કરે છે. કુવાડવા રોડ પોલીસના હેડ કોન્સ્ટેબલ આર.કે. ડાંગરે મૃતકના ભાઈ નિતીનભાઈની ફરિયાદ પરથી અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અન્ય ચાર ઘટના જોઈએ તોપેડક રોડ પર આવેલા વાલ્મિકી આવાસ ક્વાર્ટરમાં રહેતાં ચંપાબેન ભીખાભાઈ ટીમાણીયા (ઉ.વ. ૬૦) નામના વૃદ્ધા ઘરે હતા ત્યારે તેમને ગેસ કે અસ્વસ્થતા જેવું લાગતાં ઈનોની પડીકી પીવા જઈ રહ્યા હતા. પરંતુ, ભુલથી ઈનો જેવી જ પડીકીમાં રહેલી જંતુનાશક દવાની ભૂકી પાણીમાં ઓગાળીને પી ગયા હતા. તબિયત



લથડતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. ચંપાબેનને ઘરમાં તેમને ઉલટી થવા લાગતાં પતિએ પૂછપરછ કરી હતી. ચંપાબેને જણાવ્યું કે તેમણે ઈનો સમજીને બીજી પડીકી ઝેરી દવા પી લીધી છે. પરિવારજનો તેમને તુરંત સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ રાત્રિના સમયે તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવથી પરિવારમાં ભારે શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવિઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક ચંપાબેન રાજકોટ મહાનગરપાલિકાના નિવૃત સફાઈ કર્મચારી હતા અને તેમને સંતાનમાં એક દીકરી તથા બે દીકરા છે.

જ્યારે ગોંડલ રોડ પર ગોડાઉન રોડ પરની કલ્યાણ સોસાયટી-૧માં રહેતાં અર્જુનભાઈ ફુલસિંગભાઈ ઝરીયા (ઉ.વ. ૫૧) નામના પ્રૌઢ સવારના સમયે પોતાના ઘરે હતા ત્યારે અચાનક પડી ગયા હતા. નીચે પડતી વખતે તેમનું કપાળ પર લાદીના ધારદાર ખૂણા સાથે અથડાતાં ગંભીર ઈજા પહોંચી હતી અને તેઓ સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અર્જુનભાઈ ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં સૌથી નાના હતા અને સંતાનમાં એક દીકરી છે. કેટલાક સમયથી શારીરિક અશક્તિ કે બીમારીના કારણે તેઓ કામ કરી શકતા ન હોય ઘરે જ રહેતા હતા. આ અંગે એ-ડિવિઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જામનગર રોડ પર આવેલા મનહરપુર વિસ્તારમાં રહેતાં વીજુબેન મનજીભાઈ પરમાર (ઉ.વ. ૬૦) નામના વૃદ્ધા ઘરે અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનો તેમને તુરંત સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ અહીં ટૂંકી સારવારમાં અથવા તપાસ દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ કાર્યવાહીઃ બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. સગા સંબંધીઓના જણાવ્યા મુજબ વિજુબેનને લાંબા સમયથી ફેફસાની બીમારી હતી. મૃતક વિજુબેનને સંતાનમાં ચાર દીકરી અને ત્રણ દીકરા છે.

ચોથા આકસ્મિક મોતના બનાવમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારના ૨૫ વારિયામાં રહેતાં પ્રીતમભાઈ મૂળજીભાઈ પરમાર (ઉ.વ. ૬૭) નામના વૃદ્ધ પોતાના ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં તેમનું મોત નીપજતાં પરિવારજનો ઘેરા શોકમાં સરી પડ્યા હતા.મૃતક મૂળ મોટી ટાંકી પાસે આવેલા વીરમાયા પ્લોટના વતની હતા અને હાલ સોલવન્ટમાં મેઈન રોડ પર રહેતા હતા. સંબંધીઓએ જણાવ્યા મુજબ તેમને અચાનક હાર્ટએટેક આવી જતાં આ બનાવ બન્યો હતો. આ અંગે આજીડેમ પોલીસે જરૂરી કાગળો કરી તપાસ આગળ ધપાવી છે. મૃતકને સંતાનમાં એક દીકરી છે.

આમ, રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારમાં હિટ એન્ડ રન, ભુલથી દવા પી જવી, અકસ્માતે પડી જવું તથા હાર્ટએટેક અને બીમારી જેવા કારણોસર કુલ ૫ લોકોના અકાળે મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ છે.

‘માતાની મમતા’ એક તરફ રહી અહિ તો ‘માતાની ક્રુરતા’એ હદ વટાવી દીધી

માસુમ દિકરી માટે ખુદ ‘જનેતા જીવલેણ’ બન્યાનો ઘટસ્ફોટ


પતિ સાથે છુટાછેડા બાદ બીજુ ઘર કરવામાં આ દિકરી આડે આવે તેમ લાગતું હોઇ પાંચમા મળેથી ફેંકી દીધાની કબુલાતઃ ક્રાઇમ બ્રાંચ, બી-ડિવીઝનની ટીમોએ ભેદ ઉકેલ્યોઃ કુવાડવા રોડની ટાઉનશીપની આ ભેદભરમ સર્જતી ઘટનાએ જગાવી દીધી હતી ચકચાર

રાજકોટ, તા.૧૫

જનનીની જોડ સખી નહિ જડે રે રોલ, મા તે મા બીજા વગડાના વા....આ સહિતની માતાની મમતાને છલકાવતી કહેવતોને એક નિષ્ઠુર ક્રુર જનેતાએ ખોટી પાડી દીધી છે. રાજકોટ શહેરના કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ આવેલી શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં બારમીએ એક ખળભળાટ મચાવતી ઘટના બની હતી. અહિ સી-વિંગમાં પાંચમા માળેથી બે વર્ષની એક ફુલડા જેવી બાળાને ફેંકી દઇ હત્યા નીપજાવાઇ હતી. રહસ્યના તાણાવાણા સર્જતી આ ઘટનાનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો છે. ખુદ સગી જનેતાએ જ પોતાની ફુલડા જેવી બે વર્ષની દિકરીને પાંચમા માળેથી નીચે ફેંકી મોતને ઘાટ ઉતારી દીધાનું ખુલતાં ચકચાર મચી ગઇ છે. પોતાને પતિ સાથે છુટાછેડા લીધા પછી બીજા લગ્ન કરવાના હોઇ તેમાં આ દિકરી આડે ન આવે એ માટે હત્યા કર્યાનું તેણે રટણ કરતાં પોલીસ પણ હચમચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાનો ભોગ બનેલી આ બાળાના પિતા સંત કબીર રોડ પર રાજારામ સોસાયટીમાં રહે છે. માતા-પિતા વચ્ચે મનમેળ ન હોઇ માતા એક વર્ષથી રિસામણે આવી હોઇ બાળા માતા, નાના-નાની, મામા-મામી સાથે અહિ રહેતી હતી. સાંજે તે નાનાના પાંચમા માળના ફ્લેટથી છઠ્ઠા માળે રહેતાં પરિવારની બાળકી સાથે રમવા જવા માટે ઘરમાંથી નીકળી એ પછી આ ઘટના બની હતી. દરમિયાન ક્રાઇમ બ્રાંચ અને બી-ડિવીઝન પોલીસની ટીમે આ હત્યાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. જે હકિકત સામે આવી હતી જે જાણીને પોલીસ પણ ચોંકી ગઇ હતી. આ માસુમ દિકરીની હત્યા ખુદ તેની જ માતા પૂનમે કરી હોવાનું ખુલ્યું છે.

પતિ સાથે છુટાછેડા બાદ બીજા લગ્ન કરવામાં દિકરી આડે ન આવે અથવા તો તેને બીજા ઘરમાં સરખી રીતે રખાશે નહિ એવું લાગતાં જનેતા જ જીવલેણ બની હોવાનું ખુલ્યું હતું.જાણવા મળ્યા મુજબ કુવાડવા રોડ ડી માર્ટ પાછળ સી-વિંગમાં પાંચમા માળે ફ્લેટ નં. ૫૦૪માં રહેતાં જગદીશભાઇ બાબુભાઇ પરસોડા-કોળીની દોહીત્રી સ્નેહલ સંજયભાઇ વશરામભાઇ સાકરીયા કે જેની ઉમર બે વર્ષ અને ચાર મહિનાની હતી તેની સોમવારે સાંજે પાંચમા માળેથી નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. સાંજે સાતેક વાગ્યે આ ઘટના જાહેર થતાં સમગ્ર ટાઉનશીપમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બાળકી જ્યાંથી





નીચે પડી તે જગ્યાએ ચારેક ફુટ જેવી ઉંચી દિવાલ હોઇ આ દિવાલ પર માસુમ બાળકી કોઇ કાળે જાતે ચડી શકે નહિ. આ જોતાં તેણીને કોઇએ ઉંચકીને ફેંકી દીધાની દ્રઢ શંકા નાના જગદીશભાઇ, મામા સહિતે દર્શાવી હતી.

આ બનાવ બાદ ઘટના સ્થળે બી-ડિવીઝન પીઆઇ જી. આર. ચૌહાણ અને ટીમે પહોંચી ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પ્રથમ નજરે જ હત્યાની ઘટના હોવાનું સ્પષ્ટ થઇ ગયું હતું. આ ઘટના બારામાં મૃતક બાળાના નાના જગદીશભાઇ પરસોડાએ જણાવ્યું હતું કે-મારી દિકરી પૂનમબેન સંત કબીર રોડ રાજારામ સોસાયટી પાસે શક્તિ સોસાયટીમાં સાસરે છે. તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા સંજયભાઇ વશરામભાઇ સાકરીયા સાથે થયા છે. જમાઇ સંજયભાઇ ડ્રાઇવીંગ કરે છે. તેણીને સંતાનમાં એક દિકરી સ્નેહલ હતી. જેની ઉમર બે વર્ષ અને ચાર મહિના હતી. મારી દિકરી પૂનમબેન અને તેણીના પતિ સંજયભાઇ વચ્ચે મનમેળ ન હોઇ જેથી દિકરી એક વર્ષથી મારા ઘરે શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં મારી સાથે રહેતી હતી.

અમે આ ટાઉનશીપમાં નવ વર્ષથી રહીએ છીએ. મારી સાથે મારા પત્નિ, દિકરો, પૂત્રવધૂ પણ રહે છે. અમારી બાજુમાં એક વૃધ્ધા વર્ષાબેન બ્રાહ્મણ રહે છે. એક માળમાં ૮ ફ્લેટ આવેલા છે. મારી દોહિત્રી સ્નેહલ અમારા ઉપરના માળે રહેતાં પરિવારમાં એક બીજી નાની દિકરી હોઇ જેથી અવાર-નવાર તેની સાથે રમવા માટે પાંચમા માળેથી છઠ્ઠા માળે જતી હતી. સોમવારે સાંજે સાતેક વાગ્યે દોહિત્રી સ્નેહલ અમારા ઘરમાંથી ઉપરના માળે રમવા જવા માટે નીકળી હતી. એ પછી થોડી જ મિનીટો બાદ એક બાળક સ્નેહલ પડી ગઇ એવુ કહેવા આવ્યો હતો. અમે દોટ મુકી છઠ્ઠા માળ તરફ ગયા ત્યારે ખબર પડી હતી કે સ્નેહલ દાદરા પર નથી પડી પરંતુ તે પાંચમા માળેથી નીચે ફેંકાઇ ગઇ છે. આ વિચાર જ અમને ચોંકાવી ગયો હતો.

કારણ કે ચાર ફુટથી વધુ ઉંચાઇની દિવાલની પાળી સુધી આવડી નાનકડી બાળકી કોઇપણ સંજોગામાં પહોંચી શકે નહિ. આ જોતાં તેણીને કોઇએ નીચે ફેંકી દીધાની અમને દ્રઢ શંકા ઉદ્દભવી હતી. બાળકીના નાના જગદીશભાઇ પરસોડાએ વધુમાં જણાવ્યું હતું કે અમારા પાંચમા માળના ફ્લેટના રહેવાસીઓ સાથે છેલ્લા ત્રણ દિવસથી કોઇ અજીબ હરકતો કરી રહ્યું છે. અહિ અમારા કપડા કે ચાદર, ગોદડા બહાર સુકવ્યા હોય તો તે લઇને કોઇ નીચે અથવા પાછળના પાર્ટી પ્લોટમાં ફેંકી દે છે. ચપ્પલ બહાર હોય તો એ પણ ફેંકી દે છે. જગદીશભાઇની આ વિગતો બાદ પોલીસે જીણવટ ભરી તપાસ શરૂ કરી હતી. ક્રાઇમ બ્રાંચની ટીમ પણ તપાસમાં સામેલ થઇ હતી. બાળકી ફેંકાઇ ગઇ એ પહેલા તે બે વખત ‘મમ્મી મમ્મી’ બોલી હતી, તેનો અવાજ સાંભળી પોતે બહાર દોડી આવી ત્યારે દિકરી જોવા નહોતી મળી.

આ વાત મૃતક બાળકીની મમ્મી પૂનમબેન સંજય સાકરીયાએ પોલીસને કરી હોઇ પોલીસને તેની આ કેફીયત શંકાસ્પદ લાગતાં તેણીને જ સકંજામાં લઇ વિસ્તૃત પુછતાછ આદરી હતી. અંતે તેણીએ આ હત્યા પોતે જ કરી હોવાની કબુલાત આપી હતી. પોતાને પતિથી છુટાછેડા બાદ બીજા લગ્ન કરવા હોઇ તેમાં આ દિકરી નડતરરૂપ ન બને તે માટે પાંચમા માળેથી ફેંકી દીધાનું તેણીએ કબુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. હવે બી-ડિવીઝન પોલીસ તેણીના પતિ સંજય સાકરીયાની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાએ એક નિષ્ઠુર જનેતા કઇ હદ સુધી જઇ શકે કઇ હદે તે માની મમતાને તરછોડી ક્રુરતા તરફ વળી શકે તે વાતને ઉજાગર કરી હતી. આ ક્રુર જનેતા પર સૌ કોઇ ફીટકાર વરસાવી રહ્યું છે.

ભક્તિના પર્વમાં પણ નશેડીઓને ધરવી દેવા બૂટલેગરો બેફામ

દૂકાન અને હાઇવે પરથી લાખોનો દારૂ ઝડપાયો

પીસીબીની ટીમોએ વાવડીમાં દૂકાનમાં અને રાજકોટ અમદાવાદ હાઇવે પર દરોડો પાડ્યોઃ બે આરોપી પકડાયાઃ માલ મોકલનારાઓની શોધખોળ

રાજકોટ તા. ૧૫

નવરાત્રી પર્વમાં પણ નશેડીઓને ધરવી દેવા બુટલેગરો સપ્લાયરો બેફામ બની હેરાફેરી કરી રહ્યા છે. પીસીબીની ટીમે વધુ બે દરોડામાં લાખોનો દારૂ પકડી લીધો હતો. પ્રથમ દરોડામાં વાવડીમાં એંસી ફુટ રોડ પર વૃજચોકમાં આવેલી ખોડલ ટાવર્સ નામની દુકાનમાં બાતમીના આધારે પીસીબીની ટીમે દરોડો પાડી અઢી લાખની દારૂની ૮૬૪ બોટલ સાથે વેપારીને અને બીજા દરોડામાં અમદાવાદ હાઇવે પર હોટલના પાર્કિંગમાંથી આઇસર ટ્રકમાં છુપાવેલા દારૂ સાથે એક શખ્સને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. તેમજ મુખ્ય સપ્લાયરોને શોધવા તપાસ આગળ ધપાવી હતી.

પીસીબી પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ. વિજયભાઇ મેતા, કુલદીપસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યાં વાવડીમાં ૮૦ ફુટ રોડ પર વ્રજ ચોકમાં દિપેન છગનભાઇ લાડાણી (રહે. સોમનાથ એપાર્ટમેન્ટ, સુખસાગર મેઇન રોડ, ગોવર્ધન ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, મુળ નાવડા ગામ, તા. વંથલી) પોતાની ખોડલ ટાવર્સ નામની દુકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની બાતમીના આધારે દરોડો પાડયો હતો.

જયાં દુકાનનાં અડધા ખુલેલા શટર મારફતે દુકાન અંદર જઇ દિપેનને પકડી લઇ તપાસ કરતા દુકાનમાંથી ખાખી કલરના બોક્ષ મળી આવ્યા હતા. જે ખોલી જોતાં લાકડાની પેટી નિકળી હતી. તે ખોલીને જોતાં તેમાંથી રૂા. ૨.૫૯ લાખની કિંમતનો ૨૮૮ વિદેશી દારૂની બોટલ મળી





આવતા કબ્જે કરી દિપેનની સામે તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો દાખલ કરાવી તેની અટકાયત કરી આ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો? તે દિશામાં પુછતાછ શરૂ કરી હતી.

વધુ એક દરોડામાં પીસીબી ટીમે રાજકોટ-અમદાવાદ હાઇવે પર બેટી ગામના પાટીયા પાસે જય ખોડીયાર હોટલના પાર્કિંગમાં પીસીબીના એએસઆઇ મહિપાલસિંહ ઝાલા, અનીલભાઇ સોનારા,



હેડકોન્સ.હરદેવસિંહ રાણા અને કોન્સ. હરપાલસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે દરોડો પાડી પાર્કિંગમાં પાર્ક આઇસરમાંથી રૂા.૮૭,૪૪૪ની કિંમતના અલગ-અલગ દારૂની ૧૬૦ બોટલ સાથે જયદીપ નવલભાઇ વ્યાસ (રહે. જશરાજનગર, મવડી ચોકડી પાસે)ને પકડી દારૂ અને આઇસર ટ્રક મળી કુલ રૂા.૭.૮૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. તેની વિશેષ પુછતાછ કરી માલ મોકલનારાનું નામ ખોલાવવા તજવીજ થઇ હતી.

આ બંને કાર્યવાહી પી.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર એમ. આર. ગોંડલીયા, પોલીસ સબ ઇન્સ્પેકટર પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, પો. હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા, ડ્રા. પો. હેડ કોન્સ. જયેશભાઇ ગઢવીની ટીમોએ કરી હતી.

નાની નાની વાતે તો અમુક કારણ વગર જ ઉલળી પડેઃ વધુ એક બાકાઝીકી

લાવ તો ધોકો કહી ઘા કર્યાઃ યુવાનના કાંડા-કોણી ભાંગ્યા

આશાપુરાનગરમાં ફાકી ખાધા બાદ દરજીના ઓટલે બેસી મોબાઇલ જોઇ રહેલા યુવાન પર તેના જ પાડોશી બંધુ સહિત ત્રણ કારણ વગર તૂટી પડ્યાઃ ભક્તિનગર પોલીસે દાખલ કરી ફરિયાદઃ ફરિયાદ કરે તો મારી નાંખવાની ધમકી પણ દીધી

રાજકોટ, તા. ૧૫

અનેક લોકો નાની નાની વાતે કે પછી જુના મનદુઃખને કારણે અને ઘણીવાર તો કારણવગર ઉલળી પડતાં હોય છે અને ધોકા કે પાણકા કે પછી જે હાથમાં આવે તેનાથી બીજા પર હુમલો કરી નાખતા હોય છે. આવા જ એક બનાવમાં કોઠારીયા રોડ આશાપુરાનગરમાં રહેતો યુવાન ઘર નજીક પાન ફાકી ખાધા બાદ દરજીની દૂકાનના ઓટે બેસી મોબાઇલ ફોન જોતો હતો ત્યારે તેના જ વિસ્તારમાં રહેતાં બે સગા ભાઇઓ સહિત ત્રણ જણાએ ધોકાથી માર મારતાં આ યુવાનનો નાનો ભાઇ વચ્ચે પડતાં તેને પણ ધોકા ફટકારી પછાડી દેતાં ઇજાઓ થઇ હતી. પહેલા એક ભાઇએ અજાણ્યા શખ્સ સાથે આવી લાવ તો ધોકો કહી ધોકો માગી ધડાધડી બોલાવી હતી. બાદમાં તેના ભાઇએ આવીને તેણે આ ધોકો મેળવી લઇ તેણે પણ ઘા કરી લીધા હતાં. અજાણ્યાએ પાણાના ઘા કરી ઇજા પહોંચાડી હતી. આ હુમલામાં યુવાનને હાથના કાંડા અને કોણીમાં ફ્રેકચર થઇ ગયા હતાં.

બાકાઝીકીની ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવમાં ભક્તિનગર પોલીસે કોઠારીયા રોડ આશાપુરાનગર-૨માં રહેતાં છત્રીસ વર્ષિય જીજ્ઞેશભાઇ રમેશભાઇ અમરેલીયાની ફરિયાદ પરથી આશાપુરાનગરમાં જ રહેતાં પાર્થ હિરેનભાઇ કારીયા, નિરવ હિરેનભાઇ કારીયા અને અજાણ્યા શખ્સ સામે ગુન્હો નોંધ્યો હતો. જીજ્ઞેશભાઇ અમરેલીયા કારખાનામાં મજૂરી કરી ગુજરાન ચલાવે છે અને પત્નિ, સંતાનો તથા નાના ભાઇ અને માતા-પિતા સાથે રહે છે. તેણે જણાવ્યું છે કે હું બપોરે પોણા બે વાગ્યા આસપાસ જમીને ઘર બહાર કોઠારીયા રોડ પર ફાકી ખાવા ગયો હતો. ત્યાં ગોહેલ ટેઇલર્સના ઓટે બેઠો હતો અને મોબાઇલ ફોન જોતો હતો ત્યારે શેરીના ખુણે રહેતો પાર્થ કારીયા અને તેની સાથે અજાણ્યો શખ્સ એક્ટીવા લઇને મારી પાસે આવીને ઉભા હતાં.

ત્યારબાદ પાર્થે તેની સાથે આવેલા શખ્સને-ધોકો લાવ તો કહેતાં એ શખ્સે એક્ટીવામાંથી ધોકો કાઢીને આપતાં પાર્થએ મને એક ફટકો મારી દેતાં હાથ આડો રાખતાં મારા મોબાઇલ પર ઘા લાગી ગયો હતો. આ પછી મારો નાનો ભાઇ રાહુલ દુકાને ઉભો હોઇ તે જોઇ જતાં તે વચ્ચે પડતાં પાર્થએ મારા ભાઇ રાહુલને પણ હાથ, વાંસામાં ધોકાના ઘા ફટકારતાં તે નીચે પડી ગયો હતો. આ પછી પાર્થનો ભાઇ નિરવ આવી ગયો હતો અને તેણે પાર્થ પાસેથી ધોકો લઇને મને ડાબા હાથમાં ફટકારી દીધો હતો. તેમજ ગાળો દીધી હતી.



બીજી ઘટનામાં રાસોત્સવના મેદાનમાં ડખ્ખોઃ વકિલને સંચાલકે મેદાન બહાર લઇ જઇ ફટાકડી બતાવી કીધું-આ તારા જેવા માટે જ રાખી છે, ધડાકો કરતાં વાર નહિ લાગે!

આ ઉપરાંત અજાણ્યા શખ્સે પથ્થરનો ઘા કરી જમણા ખભે મને મારી દીધો હતો. આ પથ્થર મારા ખભે ભટકાઇને લીમડાના ઝાડમાં ગયો હતો. આ પછી મેં બચાવ માટે પથ્થર ઉપાડતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. ત્યારબાદ અમે બંને ભાઇ ઘરે ગયા હતાં. બાદમાં અમારા ઘર બહાર જીજે૦૩સીએન-૨૩૪૧ નંબરનું મારુ બાઇક રાખ્યું હોઇ તેમાં પણ આ ત્રણેયએ ધોકાવાળી કરી નુકસાન કર્યુ હતું અને ગાળો બોલી ભાગી ગયા હતાં.

ત્યારપછી નિરવે ફોન કરીને મને ધમકી આપી હતી કે જો પોલીસ ફરિયાદ કરીશ તો જોયા જેવી થશે. બાદમાં મારા ભાઇએ ૧૦૮ બોલાવતાં મને સારવાર માટે ખસેડાયો હતો. તબિબી તપાસ નિદાનમાં ડાબા હાથની કોણીમાં અને જમણા હાથના કાંડા પાસે ફ્રેકચર થયાનું જણાયું હતું. કારણ વગર જ પાર્થ અને તેના ભાઇ નિરવ તથા અજાણ્યાએ આ મારામારી કરી ધમકી દીધી હતી. તેમ વધુમાં જીજ્ઞેશ અમરેલીયાએ જણાવતાં પીએસઆઇ વી. એલ. રાઠોડે પોલીસ ઇન્સપેકટર જે. ડી. પરમારના માર્ગદર્શન હેઠળ એફઆઇઆર દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

બીજી તરફ અન્ય એક બનાવમાં રાષ્ટ્રીય શાળા રોડ પર રાષ્ટ્રીદિપ બિલ્ડીંગમાં ઓફિસ ધરાવતાં એડવોકેટ યોગેશ અનંતરાય ઉદાણીએ પોલીસ કમિશનર અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી પોતાને રિવોલ્વર બતાવી ધમકી આપનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા અને લાયસન્સ સસ્પેન્ડ કરવા રજૂઆત કરી હતી. એડવોકેટ યોગેશ ઉદાણીએ પોતાની અરજીમાં જણાવ્યું છે કે મારા ભાણેજ અને તેમના દિકરા શીતલ પાર્ક પાસે યોજાતા રાસોત્સવમાં સીઝન પાસ લઇ રાસ રમવા જાય છે. ગઇકાલે રાસ રમતી વખતે તેમની સાથે બીજા ખેલૈયાઓને બોલાચાલી થતાં ઝઘડો થયો હતો. જેથી ભાણેજે જાણ કરતાં હું તાત્કાલીક ત્યાં ગયો હતો.

વકિલે પોતાની લેખિત અરજીમાં વધુ જણાવ્યું હતું કે ત્યાં આયોજક તથા તેમના સાથીદારો બોલાચાલી કરતાં હતાં. આ બધા અમને રાસના ગ્રાઉન્ડની બહાર લઇ ગયા હતાં અને રિવોલ્વર બતાવી ઉગ્ર અવાજમાં કહેલું કે-આ તારા જેવા માટે જ લીધેલ છે, ધડાકો કરતાં વાર નહિ લાગે. આ પછી હું ડરી ગયો હોઇ મને જાનનું જોખમ જણાતાં હું તેને સોરી કરી જતો રહ્યો હતો. આ રીતે તેણે પબ્લીક વચ્ચે ધમકી અપી હોઇ તેની સામે કાર્યવાહી કરી રિવોલ્વરનું લાયસન્સ સસ્પેન્ડ કરવા અમારી વિનંતી છે. તેમ વધુમાં એડવોકેટ ઉદાણીએ લેખીત અરજી ફરિયાદમાં જણાવ્યું હતું અને ન્યાયી કાર્યવાહીની માંગણી કરી હતી. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.

અગાઉ આર્થિક ગુના નિવારણમાં અરજી થયા બાદ બી-ડિવીઝન પીઆઇ જી. આર. ચૌહાણે છેતરાયેલા યુવાનોને ન્યાય અપાવ્યો

ત્રણ વ્હોરા યુવાનનું ૧૨.૮૦ લાખનું 'સોનુ' ખાઈ ગયા

સદર બજારના હુશેન ભારમલ, તેના બે મિત્રોએ જુના મિત્ર જુજર દલાલ મારફત સમાજમાંથી લોન લેવા સોનુ આપ્યુઃ પણ જૂજરે લોન ન લઇ વિશ્વાસઘાત કર્યાનો આરોપઃ સમાજના આમીલસાહેબે કહ્યું-મેં જૂજરને સોના પર નાણા આપી દીધા છે, તે મને નાણા આપશે તો હુ સોનુ પાછુ આપીશઃ બી-ડિવીઝન પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ, તા. ૧૫

દાઉદી વ્હોરા સમાજના બહુ ગાજેલા પ્રકરણમાં અંતે ૧૨ લાખ ૮૦ હજારની ઠગાઈનો ગુનો દાખલ થઇ ગયો છે. અગાઉ અરજીના આધારે આર્થિક ગુના નિવારણ સેલ દ્વારા તેમજ બી-ડિવીઝન પોલીસ દ્વારા તપાસ થઇ હતી. છેલ્લે બી-ડિવીઝન પોલીસે તપાસને અંતે ગુનો દાખલ કર્યો છે. સદર બજારમાં ઓરબીટ કોમ્પલેક્ષ સામે રહેતાં અને ન્યુ સ્ટાર ટ્રેડર્સ નામે વેસ્ટ પેપરની પેઢીમાં પિતા સાથે કામ કરતાં દાઉદી વ્હોરા સમાજના બાવીસ વર્ષિય હુસેનભાઇ જૈનુદીન ભારમલ સહિતના પરીચિતો પાસેથી તેના જ સમાજનાં અને મિત્ર એવામ જુજર શકીલભાઇ દલાલ (રહે. સમન્વય હાઇટસ, ભગવતીપરા) એ પોતાના સમાજમાંથી સોના પર લોન સળતાથી થઇ જવાનું કહી સોનું લઇ પરત સોનુ કે લોનની રકમ નહી આપી હુસેનભાઇ સહિત ત્રણ સામે રૂા. ૧૨.૮૦ લાખની વિશ્વાસઘાત કર્યાની બી ડીવીઝન પોલીસ મથકમાં દાખલ થતાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં હુસેનભાઇ ભારમલે પોલીસ ફરીયાદમાં જણાવ્યું કે, અમારે વેસ્ટ પેપરનો ધંધો હોય અને તે ધંધામાં રૂપીયાની જરૂરત હોવાથી અમારા સમાજમાંથી સોના ઉપર વગર વ્યાજની લોન મળતી હતી. પરંતુ મારા નામે અન્ય લોન ચાલુ હોય જેથી અમારા સમાજમાંથી લોન ન મળે તેમ હતી. જેથી જુજર શકીલભાઇ દલાલ જે મારા જુના મીત્ર હોય અને તેના નામે કોઇ લીન ચાલતી ન હોય અને કે સમાજના જ હોય જેથી તેના નામે અમારા સમાજમાંથી વગર વ્યાજની લોન મળે તેમ હતી. બીજી તરફ અન્ય મીત્ર અબ્દેઅલી અને તે પણ અબ્બાસઅલી મુર્તુજાભાઇ બારભાયા તથા નજમુદીન સબીરભાઇ હડીયાણા વાળાને પણ રૂપીયાની જરૂર હોય જેથી તેઓને પણ લોન લેવાની હતી અને આ જુજરને પણ રૂપીયાની જરૂર હોય જેથી તેને પણ લોન લેવાની હતી.



જેથી અમે ચારેય ભેગા થઇ બધા પાસે જે ઘરમાં સોનુ પડેલ હતુ તે ભેગુ કરેલ. અમારા સમાજમાં જમા કરાવીને રૂ.૪૦,૦૦,૦૦૦/-ની લોન લેવાનું નકકી કરી અને તે લોન જુજરના નામે કરાવવાની અને ચારેયને જેટલુ સોનુ જમા કરાવેલ તે મુજબ રકમ વહેંચી લેવાની અને તેનો ભાગે પડતો હમો ભરવાનો તેમ નકકી કરાયુ હતું. જેથી મે મારા ઘરે રહેલ મારા પરીવારના સોનાના દાગીના જેમાં બાર નંગ ગીની અને બે મારા મમ્મીના સોનાના ચેઇન તથા તેની બે વીંટી તથા એક સોનાનો સેટ જેની તે સમયે આશરે બજાર કીંમત દસ લાખ જેટલી થતી હતી તે બધા દાગીના તથા મારા મીત્ર અબ્દેલીએ ૨૩ નંગ ગીની જેમાં પાંચ ગ્રામની એક તથા બે ગ્રામની બે તથા બાકીની એક ગ્રામની અને ચાર સોનાની બંગડી અને એક હાર તથા ચેઇન તથા નાની સાત વીંટી તથા અન્ય નાની એક બે બુટીની જોડી જે અંદાજે ૧૨૦ ગ્રામ જેટલુ સોનુ આપેલ હતુ.

તેમજ નજમુદીનના દાગીના જેમા બે દસ-દસ ગ્રામની ગીની તથા જુજર પણ તેના ઘરેથી સોનુ લઈ આવેલ હતો અને આ બધુ સોનુ ભેગુ કરેલ કરી અમે ચારેય ગઇ તા.૦૪/૧૧/૨૦૨૫ ના અમારા જ્ઞાતીના સોની પાસે વેલ્યુએશન કરાવેલ હતી અને જેમા બે સોનાના પેકેટ થયેલ હતા, જે પેકેટ નંબર ૧નો વજન ૨૪૯.૮૯૦ અને પેકેટ નં. ૨ નો વજન ૩૬૬.૫૭૦ ગ્રામ થયેલ અને વેલ્યુએશન રિપોર્ટ મુજબ આ અલગ અલગ કેરેટનુ સોનુ હોય જે બંને પેકેટનુ ફાઈન સોનાનો વજન ૩૪૧-૦૭૦ ગ્રામ થતુ હતુ જે સોનુ પેક કરાવેલ અને તે સોનુ લઈને આ જુજર દલાલને આપેલ હતુ અને તેને અમને કહેલ કે હું આપણા સમાજની ઓફીસ જે નુર મસ્જીદ ૫૫રા બજારમાં આવેલ છે ત્યા આ લોનની પ્રોસેસ કરાવવા માટે ગયેલ હતો. જેથી અમે વિશ્વાસ પુર્વક તેને અમારુ સોનુ આપી અમે ત્રણેય ત્યાંથી ઘરે જતા રહેલ હતા અને થોડા દીવસ બાદ આ જુજર દલાલને લોન બાબતે ફોન કરતા તે ને જણાવેલ કે લોન હજી પ્રોસેસમા છે.

ત્યારબાદ કહેવાયું હતું કે થોડા દીવસમાં લોન થઈ જશે અને લોન પાસ થયા બાદ કટકે કટકે રૂપીયા આવશે તેવી વાત કરેલ અને ફેબ્રુઆરી મહીનાની શરૂઆતમા જુજરે અમને કહેલ કે રૂ.૮,૦૦,૦૦૦ લોનના આવેલ છે અને પો તાને ધંધામાં જરૂર છે અને નજમુદીનને બે લાખની જ જરૂરત હોય જેથી છ લાખ રૂપીયા જુજરે રાખેલ અને બે લાખ નજમુદીનને રોકડા આપેલ હતા. ત્યારબાદ સમય જતા લોનની બીજી રકમ આવતી ન હોય જેથી મે તથા અબ્દેલીએ અમારૂ સોનુ જુજર પાસે પર ત માંગતા આ જુજરે કહેલ કે થોડા દીવસમાં બીજા રૂપીયા આવશે અને જુજરે તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ અબ્દેલીને રૂ .૬,૦૦,૦૦૦ રોકડા તથા તા.૧૧/૦૬/૨૦૨૬ના રોજ અબ્દેલીના પીતાજીના કોટક બેંક એકાઉન્ટમાં રૂ.૪,૦૦,૦૦૦ એમ કુલ તો ન હોય જે રૂ. ૧૦,૦૦,૦૦૦ અબ્દેઅલીને આપેલ હતા.

પણ મને તે લોનના રૂપીયા આપતો ન હોય જેથી સોનુ પરત માંગેલ અને લોન નથી લેવી તેવુ જણાવેલ. અમને બધાને શક પડતા અમારા સમાજની સંસ્થામાં તપાસ કરાવેલ કે જુજરે લોન લીધેલ છે કે કેમ? તેની તપાસ કરાવતા આ જુજર દલાલે ત્યાંથી કોઇ લોન લીધેલ ન હતી તેમ જાણવા મળ્યું હતું. અમે જુજર પાસે સોનુ પરત માંગવા જતા તેને કહેલ કે તેને અમારા સમાજના શેખ હુસેન સજાઉદીન સાઇવાલા (જનાબ આમીલ સાહેબ) પાસેથી લોન લીધેલ છે અને અમને વીશ્વાસ ન આવતા અમે અમારુ સોનુ પરત આ પવા કહેલ તો તેને આમીલ સાહેબ પાસેથી આઠ લાખ લીધેલ છે તે પરત આપવા પડશે.

તેમ કહી નજમુદીનને આપેલ બે લાખ તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ પરત લઈ લીધેલ હતા. બાદમાં અમારે બધાને અમારુ સોનુ પરત લઇ લેવુ હોય જેથી જુજરને કહેલ અને અબ્દેલીના પીતાને આ જુજરે રૂ.૧૦,૦૦,૦૦૦ આપેલ તે પરત આપી દેવાનુ નક્કી કરેલ હતુ અને બે ત્રણ દીવસમાં સોનુ પરત આપી દેવાનુ કહી અને જુજર દલાલ તેના ઘરેથી જતો રહેલ અને તેનો મોબાઇલ પણ બંધ આવતો હતો. ત્યારબાદ અમે અમારા જ્ઞાતીના આગેવાન શેખ હુસેન સજાઉદીન સાઇવાલા (જનાબ આમીલ સાહેબ) જેઓ આ લોનનુ કામકાજ કરતા હોય જેને આ સોના બાબતે વાત કરતા તેને કહેલ કે આ જુજરે મારી પાસે સોનુ મુકી અને લોન લીધેલ છે તને જે સોના પર લોનની રકમ આ જુજરને મે ચુકવી આપેલ છે અને જુજર આવી જશે અને મારી પાસેથી લોનની રકમ જે લીધેલ છે તેની ભરપાઈ કરી આપશે એટલે હુ તેને સોનુ પરત આપી દઇશ.

તેમ વાત કરેલ હતી જેથી અમારે સમાધાનની વાત ચાલુ હતી પરંતુ શેખ હુશેન સજાઉદીન સાઇવાલા (જનાબ અમીલ સાહેબ) અમોને જણાવેલ કે મારે તમોને કોઇ સોનુ પરત આપવાનુ થતુ નથી તમારાથી જે થાય તે કરી લો તેમ કહેલ જેથી પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પીઆઇ જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કાળનું તેડુ ક્યાં ક્યારે કેવી રીતે આવે તેની ખબર નથી હોતી કાળા માથાના માનવીને

વિકલાંગ કર્મચારીનું કારની ઠોકરે મોત

ગંજીવાડાના આધેડ વાહનોમાં હવા ભરવાનું કામ કરતાં હતાંઃ ડીઝલ પુરાવવા આવેલી કાર તેમના માટે કાળ બનીઃ થોરાળા પોલીસે નોંધ્યો ગુનો : બીજા જીવલેણ અકસ્માતમાં માખાવડ પાસે કારની ઠોકરે મોટરસાઇકલ ચડતાં પ્રૌઢની જિંદગીની સફરનો અંત

રાજકોટ તા. ૧૫

મોત ક્યારે ક્યાં કેવી રીતે આવી જાય તેનું નક્કી હોતું નથી. આવી જ એક ઘટનામાં શહેરના એંસી ફુટ રોડ પર નાયરાના પેટ્રોલ પંપ ખાતે વાહનોમાં હવા પુરવાનું કામ કરી ગુજરાન ચલાવતાં ગંજીવાડાના વિકલાંગ આધેડ આ પંપ ખાતે ડીઝલ પુરાવવા માટે આવેલી કારની ઠોકરે આવી જતાં માથા, શરીરે ગંભીર ઇજાઓ થતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું.

આ કરૂણ બનાવની વિગતો પર નજર કરીએ તો ગંજીવાડામાં રહેતાં કાનજીભાઇ નામના દિવ્યાંગ આધેડ પેટ્રોલ પંપ ખાતે વાહનોમાં હવા પુરવાનું કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. આ પેટ્રોલ પંપ ખાતે જ તેમનું કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થવાથી મોત થતાં પરિવારોમાં, પંપના કર્મચારીઓમાં શોક છવાઇ ગયો હતો. આ બનાવમાં થોરાળા પોલીસે ગંજીવાડા શેરી નં. ૧૮ અક્ષય પ્રોવિઝન સ્ટોરની બાજુમાં રહેતાં ઓગણચાલીસ વર્ષના વિપુલભાઇ શામજીભાઇ વ્યાસની ફરિયાદ પરથી મહીન્દ્રા કંપનીની સફેદ રંગની કાર જીજે૦૩જેસી-૬૪૦૫ના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

આ ઘટના બારામાં મૃતક કાનજીભાઇના ભાઇ વિપુલભાઇએ જણાવ્યું છે કે હું મારા પનિ, દિકરીઓ સાથે રહુ છું અને એંસી ફુટ રોડ પર રામનગરમાં કારખાનામાં મજૂરી કરુ છું. મારા સગા મોટા ભાઇ કાનજીભાઇ શામજીભાઇ વાઘેલા કે જેઓ બેતાલીસ વર્ષના હતાં તેઓ નાનપણથી કમરથી નીચે બંને પગે વિકલાગ છે. તેઓ હાલીચાલી શકતાં નથી. પરંતુ બેઠા બેઠા ચાલે છ. બે વર્ષથી તેઓ એંસી ફુટ રોડ પર સરસ્વતિ સામે આવેલા નાયરા પેટ્રોલ પંપ ખાતે બેઠા બેઠા વાહનોમાં હવા પુરવાનું કામ કરે છે. તેઓ અપણિીત હતાં અને અમારી સાથે જ રહેતાં હતાં.

વધુ માહિતી આપતાં વિપુલભાઇએ કહ્યું કે બુધવારે સાંજે ચારેક વાગ્યે હું ઘરે હતો ત્યારે બનેવી શૈલેષભાઇ લીલાધરભાઇ માંડાનીએ ફુફરૂ આવી જાણ કરી હતી કે તમારા મોટાભાઇ કાનીભાઇ વાઘેલા નાયરાના પંપે હવા પૂરવા બેઠા હતાં ત્યારે એક સફેદ કલરની મહિન્દ્રા ગાડી ડીઝલ પુરાવવા માટે આવી હતી. આ કારની આગળના મોરાની ઠોકરે તમાર ભાઇ આવી જતાં પડી ગયા બાદ તેમના માથા પર કારના વ્હીલ ફરી જતાં તમારા ભાઇને ૧૦૮ બોલાવી દોશી હોસ્પિટલમાં લઇ ગયા છે.

મારા બનેવીએ ફોન મારફત જણાવેલી આ વાત સાંભળી હું તુર જ તેમને સાથે લઇ તેમજ મારા બહેન વર્ષાબેનને લઇ દોશી હોસ્પિટલે પહોંચ્યો હતો. જ્યાર મારા ભાઇને ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માતમાં મારા ભાઇને છાતીના ભાગે વ્હીલ ફરી ગયાના નિશાન જોવા મળ્યા હતાં. તેમજ જમણા ખભાની હાંસળી પાસે પણ ઇજાઓ હતો. ડોક્ટરે બનાવની જાણ કરતાં થોરાળા પોલીસે હોસ્પિટલે આવી મારા ભાઇના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

તેમ વધુમાં વિપુલભાઇએ કહેતાં થોરાળા પોલીસ સ્ટેશનના આસી. સબ ઇન્સપેકટર જી. ડી. શીયારે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. વિપુલભાઇએ વધુમાં જણાવ્યું હતું કે અકસ્માત બાદ કારચાલક જ મારા ભાઇને હોસ્પિટલે લઇ ગયા હતાં. આ ઘટનાથી વાઘેલા પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજા એક જીવલેણ વાહન અકસ્માતની વિગતો જોઇએ તો લોધીકાના માખાવડ પાસે કારની ઠોકરે ચડી જતાં માખાવડના પ્રૌઢનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. તેઓ બાઇક હંકારીને જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ માહિતી અનુસાર લોધીકાના માખાવડ ગામે રહેતાં ચોપન વર્ષના રાજેશભાઇ હીરાભાઇ ચાંડપા નામના પ્રૌઢ સાંજે સાડા ચારેક વાગ્યે પોતાનું બાઇક હંકારીને ગામમાંથી કોઇ કામ માટે નીકળ્યા ત્યારે માખાવડ ચોકડી પાસે પહોંચતા કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો.

આ અકસ્માતમાં વાહન સહિત ફંગોળાઇ ગયેલા રાજેશભાઇને ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.બનાવ અંગે લોધીકા પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર છુટક મજૂરી કરતાં હતાં. લોધીકા પોલીસે કારચાલક અંગે તપાસ શરૂ કરી હતી. મોભીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આમ બે વાહન અકસ્માતમાં બે પરિવારના મોભીનો જીવ ગયો હતો.



સોશિયલ મિડીયા માધ્યમથી અજાણયાઓ સાથે મિત્રતા કરતાં પહેલા બસ્સો વખત વિચારજો

સાયબર ગઠીયાઓએ બ્લેકમેઇલ કરતાં પરિણતાએ જીવ આપ્યો!

ગોંડલની ખળભળાટ મચાવતી ઘટનાઃ કહેવાતા સોશિયલ મિડીયા ફ્રેન્ડે વિદેશથી ગીફટ પાર્સલ મોકલવાના નામે બે લાખ પડાવ્યાઃ પછી બ્લેકમેઇલ કરી વધુ રૂપિયા માંગતા તેણીએ ગળાફાંસો ખાઇ લીધાનું ખુલ્યુંઃ અલગ અલગ આઠ વ્હોટ્સએપ નંબરના ધારકો સામે ગુનો નોંધી તપાસ

રાજકોટ તા. ૧૫

એક ચોંકાવનારી ઘટના રાજકોટના ગોંડલમાં બની હતી. જેમાં એક પરિણીતા સાથે બે લાખું ફ્રોડ થઇ ગયા બાદ પણ તેની પાસે વધુ રૂપિયા માંગી બ્લેકમેઇલ કરી ડરાવવામાં આવતી હોઇ તેણી મરી જવા માટે મજબૂર થયાનું ખુલ્યું હતું. આ મામલે પોલીસે વ્હોટસએપ મારફત કોલ કરનારા આઠ શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સાયબર ગઠીયાઓએ આ મહિલાને મરવા મજબૂર કર્યાની વિગતો જાહેર થતાં ખળભળાટ મચ્યો છે. મહિલા સાથે સોશિયલ મિડીયાથી એક શખ્સે મિત્રતા કેળવી હતી. પછી તેણીને ફોન કરી મેસેજ કરી વિદેશથી ડાયમંડ નેકલેસ મોકલવાના નામે પાર્સલના નામે છેતરી લેવાઇ હતી. તેમજ બ્લેકમેઇલ કરવામાં આવતાં તે મરી જવા મજબૂર થઇ હોવાનું ખુલ્યું હતું.

લાલબત્તી સમાન એવી આ ઘટનાની વિગતો જોઇએ તો ગોંડલની પરણિતા સાથે ૨ લાખનો સાયબર ફોડ થયા બાદ તેની પાસે વધુ રૂપિયાની માંગણી થતા કંટાળી જઇ આપઘાત કરી લીધાનું ખુલ્યું છે. આપઘાત માટે મજબુર કરનાર ૮ વોટસએપ નંબર ધારકો સામે પોલીસમાં ફરીયાદ દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. વધુ માહિતી અનુસાર ગોંડલ ગુંદાળા રોડ શાંતિનગર તુલસી કલ્યાણ કૃષિ કેન્દ્રવાળી શેરી નં.૩ રાધાકૃષ્ણ મંદિરની સામે રહેતા નિમીષાબુન હિમેનભાઇ ઘેટીયા નામની પરણિતાએ ગત આઠમી તારીખના રોજ તેના ઘરે ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ બનાવના મૃતકના પતિ હિમેનભાઇ હેમંતભાઇ ઘેટીયાએ આઠ વોટસએપ મોબાઇલ નંબર ધારકો સામે આપઘાત કરવા મજબુર કર્યાની ફરિયાદ દાખલ કરાવી હતી.

વધુ માહિતી અનુસાર ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે મારી પત્નિ નિમીષાને તેના વોટસએપ મોબાઇલ નંબર ઉપર વોટસએપ મોબાઇલ નંબર ૯૨ ૩૨૮ ૩૩૮૭૩૬૭ તથા મો. ન. ૯૨ ૩૪૪ ૭૧૯૮૭૦૫ ન તથા મો.ન. ૯૨ ૩૨૭ ૨૫૧૨૯૨૭ તથા મો.ન.૯૬ ૬૫૮ ૦૨૬૫૩૮૧ તથા મો.ન. ૪૪ ૭૯૦૮ ૮૧૮૪૭૫ તથા ૦૪૪૭૩૪૨૧૩૬૩૦૨ તથા મો. નં. ૯૭૧ ૫૮૪૬૧૮૮૫૫ તથા મો. નં. ૯૭૧ ૫૫૫૮૧૯૭૫૧ વાળા ઉપરથી વાત કરનાર વ્યક્તિએ નિમીષા સાથે વોટસએપ કોલ તથા મેસજમાં વાત કરી, મિત્રતા કેળવી, નિમીષા માટે વિદેશથી ડાયમંડનો નેકલેસ સેટ ગીફટમાં પાર્સલ કરી મોકલાવેલન જણાવાયું હતું.



ત્યારબાદ આ ઉપરોક્ત અલગ અલગ મોબાઇલ નંબર ઉપરથી નિમીષાને વ્હોટસએપ કોલ તથા મેસજ કરી નેકલેસ સેટ ઉપર લાગેલ ટેક્સની ચૂકવણી કરવા તથા વિદેશથી પાર્શલ આવેલ હોય જેના ઉપર કેસ થાય તેમ છે જેમા ફીટ થઇ જશો જો બચવુ હોય હોય તો રૂપિયા મોકલાવો તેમ કહી ધમકી આપી ઉપરોક્ત મોબાઇલ નંબર વાળાએ અલગ અલગ બહાના હેઠળ વ્હોટસએપ કોલ તથા મેસજ દ્વારા રૂપીયાની માંગણી કરી માનસીક રીતે હેરાન કરતા હતાં.

તેમજ વોટસએપ મોબાઇલ નંબર વાળાની રૂપિયાની માંગણી સંતોષવા સારૂ મારી ૫ ની નિમીષાએ તેનો સોનાના નેકલેશ ઉપર ગોલ્ડ લોન લઇ તથા તેની હાથમાં પહેરવાની સોનાની વીટી તથા બ્રેસલેટ વેચી તેમાથી આવેલ રૂપિયા તથા પિતાજી પાસે તેમજ નિમીયા પાસે રહેલ થોડાઘણા રૂપિયા મળી કુલ રૂ.૨,૦૧,૧૦૦ આ ઉપરોક્ત મોબાઇલ નંબર ઉપરથી વાત કરનારે ઉપરોક્ત યુ.પી.આઇ.આઇ.ડી. ઉપર ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ, મારા પત્ની સાથે રૂ. ૨,૦૧,૧૦૦નુ સાયબર ફ્રોડ કરી, કોઇને કોઇ બહાના હેઠળ સતત હજુ પણ વધારે રૂપિયાની માંગણી કરી, માનસિક રીતે હેરાન કરી, ત્રાસ આપી આપઘાત કરવા મજબુર કરી હતી. આ ફરીયાદ અન્વયે બી ડિવીઝન પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

અવાર-નવાર સાયબર ગઠીયાઓ ઓનલાઇન મિત્રતા કેળવી બાદમાં પોતે વિદેશથી મોંઘી ગીફ્ટ મોકલશે તેવુ કહી ગીફ્ટનું પાર્સલ પકડાઇ ગયા સહિતની વાતો કરી લોકોને છેતરી લેતાં હોય છે. આ કિસ્સામાં તો ફ્રોડનો ભોગ બનેલી મહિલાએ જીવ આપી દેતાં ખળભળાટ મચી ગયો છે. કોઇપણ આવા અજાણ્યાઓ સાથે ઓનલાઇન મિત્રતા કરતાં પહેલા બસ્સો વખત વિચાર કરવો પડે તેવી આ લાલબત્તી સમાન ઘટના ગણી શકાય તેમ છે. સાયબર ગઠીયાઓએ એક નિર્દોષ મહિલાને મરી જવા મજબૂર કર્યાની વાતે સમગ્ર ગોંડલમાં ચકચાર જાગી છે.

વ્યાજખોરીના વિષચક્રમાંથી મુક્તિ

DY.CM સંઘવીના હસ્તે ૩૫ ખેડૂતોને ૧૦૦ કરોડની જમીન પરત

ભૂમાફિયાઓ સામે 'આરપારની લડાઈ': શાપરમાં નવનિર્મિત પોલીસ કચેરીનું લોકાર્પણ, રાજકોટ ગ્રામ્ય પોલીસને મળ્યું દેશનું સ્થાનિક સ્તરે ઐતિહાસિક ગૌરવ અને ISO 9001:2015 સર્ટીફિકેટ









રાજકોટ, તા. ૧૫

ગુજરાતમાં વ્યાજખોરી, છેતરપિંડી અને ભૂમાફિયા પ્રવૃત્તિઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને સામાન્ય અને મધ્યમ વર્ગના નાગરિકોને ન્યાય અપાવવાના રાજ્ય સરકારના મક્કમ અભિયાનમાં આજે રાજકોટ ગ્રામ્ય પોલીસે એક અભૂતપૂર્વ સફળતા મેળવી છે. રાજકોટના શાપર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં 'તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત વ્યાજખોરો અને ભૂમાફિયાઓ દ્વારા છળ-કપટથી હડપ કરી લેવાયેલી ૫૦૦ વિઘાથી વધુ જમીનના ૫૫ દસ્તાવેજો મૂળ માલિક એવા ૩૫ ખેડૂતોને સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યા હતા. આ સાથે નાયબ મુખ્યમંત્રીએ શાપરમાં વિભાગીય પોલીસ અધિકારીની નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું હતું, જ્યારે રાજકોટ ગ્રામ્ય પોલીસ તંત્રને રાજ્યમાં સર્વપ્રથમ વાર તમામ શાખાઓ અને પોલીસ સ્ટેશનો માટે આંતરરાષ્ટ્રીય સ્તરનું ISO 9001:2015 પ્રમાણપત્ર એનાયત કરાયું હતું.

રાજકોટ ગ્રામ્ય પોલીસ અને સબ-રજીસ્ટ્રાર કચેરીની સંયુક્ત કામગીરીને બિરદાવતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વ્યાજખોરો અને દૂષણખોરો સામે 'આરપારની લડાઈ' લડવાનો ગુજરાત સરકારનો મક્કમ નિર્ધાર છે. ખેડૂત પોતાની આખી જિંદગી રાત-દિવસ એક કરીને મહેનત કરતો હોય છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે, પરંતુ કટોકટીના સમયે કે મુશ્કેલીની ક્ષણોમાં ઊંચા વ્યાજે નાણાં લેવાની મજબૂરીનો લાભ ઉઠાવી વ્યાજખોરો વિશ્વાસઘાત કરતા હોય છે. ખેડૂતોની જીવનભરની મૂડી સમાન જમીનો પચાવી પાડતા ભૂમાફિયાઓ સામે રાજકોટ પોલીસે રૂ. ૧૦૦ કરોડથી વધુની ૫૦૦ વિઘાથી વધુ જમીન પરત અપાવીને સમગ્ર દેશમાં નવો ઈતિહાસ રચ્યો છે. દેશમાં આટલા મોટા પ્રમાણમાં ખેડૂતોને એકસાથે જમીનો પરત સોંપાઈ હોય તેવો આ પ્રથમ કિસ્સો છે.

નાયબ મુખ્યમંત્રીએ નાગરિકોને જાગૃત રહેવાની સલાહ આપતા ઉમેર્યું હતું કે, ''કોઈપણ કોરા કાગળ કે દસ્તાવેજ પર સહી કરતા પહેલાં ૧૦૦ વાર વિચારો.'' જો દસ્તાવેજ કરતી વખતે સાવચેતી ન રાખવામાં આવે તો ભવિષ્યમાં કાયદાકીય ન્યાય મેળવવો ખૂબ જ મુશ્કેલ બની જતો હોય છે. ખેડૂતોએ વ્યાજખોરોના વિષચક્રમાં ફસાવાને બદલે રાજ્ય સરકારની અનેકવિધ કલ્યાણકારી અને ધિરાણ યોજનાઓનો લાભ લેવો જોઈએ અને વ્યાજખોરોમાં હંમેશા કાયદા તથા પોલીસનો ભય રહેવો જોઈએ. આ કાર્યક્રમમાં સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય સર્વે ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડીયા, ઉદયભાઈ કાનગડ, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લમ રાય, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિત વરિષ્ઠ અધિકારીઓ, રાજકીય-સામાજિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો તથા સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઔદ્યોગિક સુરક્ષા સુદ્રઢ બનશેઃ શાપરમાં નવી કચેરીનું લોકાર્પણ

શાપર, પડવલા અને હડમતાળા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સહયોગથી તૈયાર કરાયેલી નવનિર્મિત વિભાગીય પોલીસ અધિકારીશ્રી (રાજકોટ ગ્રામ્ય ડિવિઝન) કચેરીનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ શાસ્ત્રોક્ત વિધિ અને દીપ પ્રજ્વલન સાથે લોકાર્પણ કર્યું હતું. આ નવી કચેરી કાર્યરત થવાથી શાપર-વેરાવળ સહિતના મહત્વના ઔદ્યોગિક તેમજ આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ મજબૂત બનશે અને સ્થાનિક વેપારીઓ, ઉદ્યોગકારો અને સામાન્ય નાગરિકોને પોલીસની સેવાઓ ઝડપથી ઉપલબ્ધ બનશે.

વિપક્ષના આક્રમક સવાલોથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગરમાવો : તપાસ ક્યાં અટવાઈ? રિપોર્ટ ક્યારે બહાર આવશે?

જંગલેશ્વર કટકીકાંડમાં SITની તપાસ પર પડદો યથાવત

રાજકોટ, તા. ૧૫

રાજકોટના ચર્ચાસ્પદ જંગલેશ્વર ડિમોલિશન અને તેની આડમાં થયેલા કથિત વહીવટી ભ્રષ્ટાચારનો મામલો વધુ એકવાર રાજકીય અને પ્રશાસનિક ગલિયારાઓમાં ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ઐતિહાસિક ડિમોલિશનની ઓથ હેઠળ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા બાદ, આ સમગ્ર પ્રકરણમાં રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ (SIT) ની કામગીરી સામે હવે સવાલોના તીર છૂટી રહ્યા છે. તપાસ કાગળ પર રહી ગઈ છે કે પછી કોઈ મોટા રહસ્ય પર પડદો પાડવામાં આવી રહ્યો છે, તેવા તીક્ષ્ણ સવાલો સાથે વિરોધ પક્ષે ફરી એકવાર સત્તાધારી પક્ષને ભીંસમાં લીધો છે.

જંગલેશ્વર ખાતે થયેલી મોટી કાર્યવાહી અને ડિમોલિશનની કામગીરી દરમિયાન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા ખર્ચના આંકડાઓ સામે આવ્યા ત્યારે અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. આ કામગીરીની આડમાં લાખ રૂપિયાનો કથિત ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપો થયા છે. ખાસ કરીને, કાગળો પર દર્શાવવામાં આવેલા ખર્ચમાં કાજુ-કતરી સહિતના રજવાડી ભોજનિયા પિરસાયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આ ઉપરાંત ચા-પાણીના ખર્ચ, મંડપ સર્વિસ અને અન્ય વિવિધ કોન્ટ્રાક્ટ્સ પણ સીધા શંકાના દાયરામાં આવી ગયા હતા. છાપરે ચડીને બોલાતા આ ભ્રષ્ટાચાર અને વહીવટી લાપરવાહી સામે શરૂઆતથી જ વિરોધ પક્ષ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

જ્યારે આ કથિત ભ્રષ્ટાચાર અને વિવાદાસ્પદ ખર્ચનો મામલો પરાકાષ્ઠાએ પહોંચ્યો, ત્યારે મેયર ડો. નેહલ શુક્લે સમગ્ર પ્રકરણની સત્યતા બહાર લાવવા માટે એક SIT (તપાસ કમિટી) ની રચના કરવાની જાહેરાત કરી હતી. તે સમયે સત્તાધારી પક્ષ દ્વારા એવું વચન આપવામાં આવ્યું હતું કે વહેલી તકે આ તપાસનો રિપોર્ટ જાહેર કરવામાં આવશે અને દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

જો કે, આ કમિટીની રચના થઈ ત્યારથી જ તેના માળખા સામે સવાલો ઉભા થયા હતા. આ તપાસ સમિતિમાં ખુદ મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બાબતને લઈને રાજકીય વર્તુળોમાં તીખી પ્રતિક્રિયાઓ વતી હતી અને કટાક્ષ કરવામાં આવ્યો હતો કે, જે અધિકારીઓની દેખરેખ હેઠળ આ બધું થયું હોય અથવા જેઓ આ વહીવટના ભાગ રહ્યા હોય, તેવા જ અધિકારીઓને તપાસ સોંપવી એટલે કે ''ઘરના ભુવા અને ઘરના ડાકલા'' જેવી હાંસાસ્પદ સ્થિતિનું નિર્માણ કરવું. SITની રચના થયાને ખાસ્સો સમય વીતી ગયો હોવા છતાં, આજે પણ અનેક સવાલો અનુત્તર છે. આ તપાસ હાલ કયા તબક્કે ચાલી રહી છે? તે ક્યારે પૂર્ણ થશે? અને તપાસના અંતે કયા તથ્યો બહાર આવ્યા કે શું રિપોર્ટ તૈયાર થયો? આ તમામ બાબતો હજુ પણ એક મોટું રહસ્ય બનીને રહી ગઈ છે. પ્રશાસન દ્વારા આ મામલે કોઈ સ્પષ્ટ અને સંતોષકારક ખુલાસો કરવામાં ન આવતા શંકાની સોય વધુ ગાઢ બની રહી છે.


સુખાકારી-માળખાકીય પ્રશ્નો પર નેતાઓની આક્રમક રજૂઆત

૨૩ મહત્વના મુદ્દાઓ સાથે વહીવટી તંત્ર ઘેરાયું, શાસક અને વિપક્ષના સવાલોથી અધિકારીઓમાં દોડધામ

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકાની આગામી શનિવારે મળનારી જનરલ બોર્ડની બેઠક અત્યંત તોફાની અને હાઈવોલ્ટેજ રહેવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. પ્રશ્નોત્તરી સેશન લાંબા સમય સુધી ચાલે અને તમામ નગરસેવકોને પોતાના પ્રશ્નો રજૂ કરવાની પૂરતી તક મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ બોર્ડમાં શાસક પક્ષ ભાજપના ૭ અને વિપક્ષ કોંગ્રેસના ૩ મળીને કુલ ૨૩ જેટલા અતિ મહત્વના અને પ્રજાલક્ષી મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. રોડ, પાણી, ગટર, સફાઈ અને માળખાકીય કામોને લઈને રજૂ થયેલા સવાલોનો એવો ચક્રવ્યૂહ રચાયો છે કે વહીવટી વિભાગ એટલે કે કમિશનર કચેરી બરોબરની ભીંડાઈ ગઈ છે.

આ જનરલ બોર્ડનું સૌથી મોટું આકર્ષણ અને વિવાદનો મુખ્ય મુદ્દો રોડ અને પાઈપલાઈનના કોન્ટ્રાક્ટ બનવાના છે. નવાબી આશ્ચર્ય વચ્ચે ખુદ ભાજપના જ નગરસેવક અને એડવોકેટ રક્ષિતભાઈ કલોલાએ રોડના કામોમાં અપાતા કોન્ટ્રાક્ટને લઈને સંબંધિત વિભાગ અને તેના અધિકારીઓ ઉપર સીધો ગાળિયો



કસ્યો છે. રોડના કોન્ટ્રાક્ટમાં થતી લોલમલોલ અને કાગળ પર ચાલતા વહીવટનો પર્દાફાશ થાય તેવી પ્રબળ સંભાવના છે. તેમણે તંત્ર પાસે હિસાબ માગ્યો છે કે રોડ અને પાઈપલાઈનના કામ માટે મનપાના માન્ય કુલ કોન્ટ્રાક્ટર કેટલા છે? તેમાંથી કેટલા કોન્ટ્રાક્ટરોની મુદત પૂરી થઈ ગઈ છે કે રિન્યુ કરાયા નથી? નિયમ વિરુદ્ધ કામ કરનારા કેટલા કોન્ટ્રાક્ટરને નોટિસ અપાઈ છે અને તેમની સામે અત્યાર સુધીમાં કયા કયા શિસ્તભંગના પગલાં લેવાયા છે?

શહેરી સુખાકારી અને માળખાકીય પ્રશ્નો પર નેતાઓની આક્રમક રજૂઆત

મનપાના જનરલ બોર્ડની બેઠકમાં શહેરના વિકાસ અને નાગરિકોની પ્રાથમિક સુવિધાઓને લઈને સત્તાધારી અને વિપક્ષી નગરસેવકો દ્વારા પ્રશ્નોનો ભારે વંટોળ ઊભો કરવામાં આવ્યો હતો. શહેરી સુખાકારી અને માળખાકીય પ્રશ્નો અંગે કોર્પોરેટરો દ્વારા રજૂ કરવામાં આવ્યા

- રાજુ ભાઈ અઘેરા દ્વારા પ્રવેશદ્વારો, આવાસ યોજનાઓ અને કોમર્શિયલ મિલકતો અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. જેમાં શહેરના કેટલા પ્રવેશદ્વારો વિકસાવવાનું આયોજન છે અને આ પ્રવેશદ્વારોના રસ્તાઓની હાલની સ્થિતિ શું છે? મનપાએ અત્યાર સુધીમાં કુલ કેટલી આવાસ યોજનાઓ બનાવી છે અને કેટલી પ્રક્રિયા હેઠળ છે મનપાની માલિકીની કુલ કેટલી કોમર્શિયલ મિલકતો છે અને તેનાથી કેટલી ભાડાની આવક થાય છે?
- મહેશભાઈ પીપરિયા દ્વારા સ્ટ્રીટલાઇટ, ગટરનું પાણી અને નવા ભળેલા વિસ્તારો અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. વિવિધ વિસ્તારોમાં રોશની વિભાગ દ્વારા સ્ટ્રીટલાઇટના નવા પોલ ઊભા કરવા માટે કોર્પોરેટરની ગ્રાન્ટ સિવાય મનપાના બજેટમાં અન્ય કોઈ વિશેષ જોગવાઈ છે કે કેમ?શહેરની ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી ખુલ્લા વોંકળા કે નદીમાં ઠલવાતું અટકાવવા માટે મનપાનું એક્શન પ્લાન શું છે?મુંજકા અને માધાપર સહિત મનપામાં નવા ભળેલા વિસ્તારોમાં તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટેની સમયમર્યાદા શું છે અને અત્યાર સુધી કયા વિસ્તારમાં કેટલી સુવિધા અપાઈ છે?
- ડો. રીંકલભાઈ મેઘાણી દ્વારા વોટર હાર્વેસ્ટિંગ અને ભવિષ્ય માટે નવા ડેમનું આયોજન અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. શહેરમાં સરકારી જગ્યાઓમાં વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટિંગની કામગીરી કેટલી જગ્યાએ કરવામાં આવી છે? રાજકોટ શહેર છેલ્લા ૩૦ વર્ષથી આજી, નર્મદા અને ભાદર ડેમ પર આધારિત છે, ત્યારે વસ્તી દસ ગણી વધી ગઈ હોવાથી ભવિષ્ય માટે નવો ડેમ બનાવવા અંગેનું કોઈ આયોજન છે કે કેમ?
- સંજયભાઈ સાગઠિયા દ્વારા વોર્ડ નં. ૧૮માં સફાઈ વ્યવસ્થા અને કામદારોની વિગતો
- સફાઈની વાસ્તવિક સ્થિતિઃ વોર્ડ નં. ૧૮માં સફાઈ વ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ શું છે?
- કામદારોની માહિતીઃ મનપાના પોતાના કાયમી કે રોજમદાર કેટલા કામદારો છે અને ખાનગી કોન્ટ્રાક્ટ હેઠળ કઈ-કઈ જગ્યાએ સફાઈ કામગીરી કરાવવામાં આવે છે?

ચેરમેન પીપળીયાના અધ્યક્ષસ્થાને સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠક

વ્યાજમાફી, ફૂડ લેબ-કરોડોના વિકાસકામોનો 'માસ્ટર પ્લાન'!


કુલ ૩૨ દરખાસ્તો પર લાગશે મંજૂરીની મહોર : આવક વધારવાના સ્ત્રોત પર મનપાની નજર

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકાની નવી ટર્મમાં શાસકો દ્વારા શહેરના નાગરિકોને મોટી રાહત આપવા અને પાયાની સુવિધાઓને વધુ મજબૂત કરવાના હેતુથી એક મહત્વપૂર્ણ ડગલું ભરવામાં આવ્યું છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા દ્વારા આજે બપોરે બોલાવવામાં આવેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ ૩૨ જેટલી મહત્વની દરખાસ્તો રજૂ કરવામાં આવી છે, જેમાં પ્રજાલક્ષી નિર્ણયોથી લઈને કરોડો રૂપિયાના વિકાસકામોને મંજૂરીની મહોર મારવામાં આવશે.

આ બેઠકમાં સૌથી મોટો અને રાહતરૂપ નિર્ણય બાકી રહેલા મિલકતવેરો અને પાણીના ચાર્જની વસૂલાત અંગેનો છે. મનપા દ્વારા અગાઉ અમલમાં મૂકવામાં આવેલી વ્યાજમાફી યોજનાનો અનેક કરદાતાઓ સમયસર લાભ લઈ શક્યા ન હતા અને હજુ સુધી મોટી સંખ્યામાં રકમ ભરપાઈ બાકી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને, મનપા શાસકો દ્વારા પાણી અને મિલકત વેરામાં પાંચ-પાંચ હજાર રૂપિયા સુધીની વ્યાજમાફી આપવાની તથા જો મુદ્દલ કરતા વ્યાજની રકમ વધી ગઈ હોય તો માત્ર મુદ્દલ જેટલું જ વ્યાજ વસૂલવાની ખાસ યોજનાનો લાભ આગામી તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. આ નિર્ણયથી ટેક્સ ભરવામાં વિલંબ કરનાર સામાન્ય નાગરિકોને મોટો આર્થિક બોજ હળવો થવાની સાથે પાલિકાની આવકવેરાની વસૂલાતમાં પણ વેગ આવશે.

શહેરના નાગરિકોના આરોગ્ય અને શુદ્ધ ખોરાક સુનિશ્ચિત કરવાના ઈતિહાસમાં એક સીમાચિહ્ન રૂપ નિર્ણય લેવા જઈ રહ્યો છે. અત્યાર સુધી રાજકોટમાંથી લેવામાં આવતા ખાદ્ય પદાર્થો (ફૂડ સેમ્પલ) ના નમૂના ચકાસણી માટે વડોદરા મોકલવા પડતા હતા, જેમાં લાંબો સમય વીતી જતો હોવાથી સમયસર અને કડક કાર્યવાહીમાં વિલંબ થતો હતો. આ સમસ્યાના કાયમી



ઉકેલ માટે રાજકોટમાં સૌપ્રથમ વખત સ્થાનિક કક્ષાએ જ ફૂડ ચેકિંગ થઈ શકે તે માટે વોર્ડ નં. ૧૦ માં સયાજી હોટલ પાછળ, ટીઆરપી ગેમ ઝોન સામે, દીપવન મેઈન રોડ પર અત્યાધુનિક ફૂડ લેબોરેટરી અને આરોગ્ય કેન્દ્રનું સંયુક્ત સંકુલ બનાવવાની ઐતિહાસિક દરખાસ્ત રજૂ થઈ છે. સૂર્યા કોર્પોરેશન નામની એજન્સી દ્વારા રૂપિયા ૫.૨૨ કરોડના માતબર ખર્ચે આ ભવ્ય ઈમારતનું નિર્માણ કરવામાં આવશે. કુલ ૨,૨૬૦ ચોરસ મીટરના પ્લોટમાં બનનારા આ બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર અંદાજે ૧૦,૬૫૬ ચોરસ ફૂટ વિસ્તારમાં અદ્યતન આરોગ્ય કેન્દ્ર, પ્રથમ માળે ૧૭,૧૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફૂડ લેબોરેટરી, બીજા માળે ટેસ્ટિંગ લેબ તેમજ ૧,૦૦૦ ફૂટ વિસ્તારમાં મેલેરિયા ઓફિસ કાર્યરત થશે. આ લેબ કાર્યરત થવાથી ફૂડ સેમ્પલના રિપોર્ટ્સ અત્યંત ઝડપથી પ્રાપ્ત થશે અને ભેળસેળિયાઓ વિરુદ્ધ ત્વરિત કાનૂની શિસ્તબદ્ધ પગલાં લઈ શકાશે.

શહેરની વધતી જતી માળખાકીય અને પાયાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પણ અનેક પ્રોજેક્ટ્સને મંજૂરી અપાશે. મુંજકા વિસ્તારમાં વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો) ને નવું સબ-સ્ટેશન ઊભું કરવા માટે અંદાજે રૂ. ૨૫.૪૯ કરોડની કિંમતની ૮,૦૯૧ ચોરસ મીટર જમીન વેચાણથી ફાળવવાની દરખાસ્ત મંજૂરી માટે મૂકવામાં આવી છે. આ ઉપરાંત, મનપાના વિવિધ દવાખાનાઓ અને આરોગ્ય શાખાઓમાંથી ઉત્પન્ન થતા જોખમી બાયોમેડિકલ વેસ્ટના સુરક્ષિત અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ માટે રૂ. ૧૩.૩૯ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવશે. વોર્ડ નં. ૧૨ માં લાંબા સમયથી સતાડતી ભૂગર્ભ ગટરની ફરિયાદોનો કાયમી નિકાલ લાવવા, વોર્ડ નં. ૧૬ માં કોઠારિયા રોડ સ્થિત ફાયર સ્ટેશનનું નવીનીકરણ કરવા તેમજ સાધુ વાસવાણી રોડથી ગંગોત્રી રોડ સુધી અને તેની આસપાસના વિસ્તારોમાં રસ્તાની સાઈડ સોલ્ડરમાં પેવિંગ બ્લોક નાખવાના વિકાસકામો માટે પણ નાણાકીય જોગવાઈઓ મંજૂર કરાશે.

મનપાના વિવિધ વિભાગોની કામગીરીને વધુ ગતિશીલ અને આધુનિક બનાવવા માટે નવા વાહનો અને મશીનરીઓની ખરીદી કરવામાં આવશે. જેમાં ડ્રેનેજ શાખા માટે ત્રણ જેટિંગ મશીનવાળા વાહનો, ગાર્ડન શાખા માટે ત્રણ નવા હાઈડ્રોલિક પ્લેટફોર્મ વાહનો, દબાણ હટાવ વિભાગ માટે બે નવા ટ્રક તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા માટે બે ડીઝલ ડિસ્પેન્સર યુનિટ અને પાંચ ટ્રક માઉન્ટેડ મિકેનિકલ પાવર રોડ વેક્યુમ સ્વીપિંગ મશીનો ખરીદવા માટેની દરખાસ્તો પર પણ અંતિમ નિર્ણય લેવાશે.

આ સાથે જ, વહીવટી તંત્ર દ્વારા નાણાકીય સુધારણાના ભાગરૂપે વોટર મેનેજમેન્ટ યુનિટ હેઠળના ફિલ્ટર પ્લાન્ટો અને પમ્પિંગ સ્ટેશનો પર વર્ષોથી પડી રહેલી બિનઉપયોગી ઈલેક્ટ્રિકલ તથા મિકેનિકલ મશીનરી અને સાધનસામગ્રીનું અધિકૃત મૂલ્યાંકન કરાવીને સ્પર્ધાત્મક ધોરણે હરાજીથી વેચાણ કરવાની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરમાં દોડતી સિટી બસ સેવા, બીઆરટીએસ અને અન્ય મનપાના વાહનો ઉપર જાહેરાતો પ્રદર્શિત કરવા માટેના નવા દર નક્કી કરવા તેમજ તે સંબંધિત કામગીરીનો રેટ કોન્ટ્રાક્ટ ફાઇનલ કરવા અંગે પણ સ્ટેન્ડિંગ કમિટીમાં વિસ્તૃત ચર્ચાના અંતે મહત્વના નિર્ણયો લેવામાં આવશે.